પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૦૪-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૯૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

RAJHANS®

## આત્મનિર્ભર ભારતના પ્રગતિશીલ દૃષ્ટિકોણને સાકાર કરતાં, બે દાયકાઓથી વિશ્વાસ, ગુણવત્તા અને શ્રેષ્ઠતાનું અડગ પ્રતિક.

અમારા દરેક સાહસ દ્વારા 'ખુશીઓનું સર્જન' અને 'સંબંધોમાં વિશ્વાસનું નિર્માણ' એ જ અમારી અવિચળ પ્રતિબદ્ધતા છે. નવી ઊર્જા, નવી દૃષ્ટિ અને આપ સૌના અમૂલ્ય સહકારથી, અમે વિકાસના નવા શિખરો સર કરતાં આગળ વધી રહ્યા છીએ.

### વિશ્વાસને સાકાર કરતી અમારી સિદ્ધિઓ

**100 મિલિયન + સ્ક્વેર ફૂટ નિર્માણ**
લક્ઝુરિયસ રેસિડેન્શિયલ, કોમર્શિયલ, ઇન્ડસ્ટ્રિયલ, લોજિસ્ટિક્સ અને લેઇઝર પ્રોજેક્ટ્સનું સમયસર અને ગુણવત્તાસભર નિર્માણ

**47 મલ્ટિપ્લેક્સ 200+ સ્ક્રીન્સ**
સુરતની પ્રથમ IMAX સાથે સમગ્ર ભારતમાં ઝડપી વિકસતી મલ્ટિપ્લેક્સ ચેઇનની નવી સિદ્ધિ

**લક્ઝરી ચોકલેટ ક્ષેત્રે પહેલ**
ભારતની ત્રીજી સૌથી મોટી ચોકલેટ ફેક્ટરી તથા સમગ્ર દેશમાં પ્રખ્યાત વર્લ્ડ-ક્લાસ ચોકલેટ બ્રાન્ડ અને 1000થી વધુ હાઇવે ચોકલેટ આઉટલેટ્સની સફળ સ્થાપના

**હૉસ્પિટાલિટી ચેઇન**
આંતરરાષ્ટ્રીય સ્તરના રેસ્ટોરન્ટ્સ અને બુટિક હોટેલ્સ દ્વારા અદ્ભુત લાઇફસ્ટાઇલ અનુભવ પૂરું પાડવાનો વિશિષ્ટ અવસર



RAJHANS GROUP OF INDUSTRIES

REALTY | CONFECTIONERY | ENTERTAINMENT | HOSPITALITY & LEISURE | TEXTILE

Rajhans Empire, Beside Le Meridien Hotel, Near Airport, Dumas Road, Surat - 395 007, Gujarat, India. | www.rajhans.co.in



# તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન શિબિર

## દાસ આત્મીય ફાઉન્ડેશનના સહયોગથી રક્તદાન કેમ્પ પણ યોજાયો

સુરત, તા.૬

શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ, ગોવિંદજી હોલતથા દાસ આત્મીય સુહૃદ ફાઉન્ડેશન ના સંયુકત ઉપક્રમે રક્તદાન શિબિર, ઓર્ગન ડોનેટ (અંગદાન), સર્વરોગ નિદાન કેમ્પ (આંખ, દાંત, નાક-કાન -ગળા, ડાયાબિટીસ, ઓર્થોપેડિક, ચામડી, સ્ત્રી રોગ, વ્યસન મુક્તિ, ન્યુરોલોજી, ફિઝીયોથેરાપી) તથા આયુષ્યમાન કાર્ડ ના કાર્યક્રમ નું આયોજન તારીખ: ૦૫/૦૪/૨૦૨૬ ના રોજ ગોવિંદજી હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં ૧૩૨ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું.. જેમા આંખના ૧૧૮, દાંતના ૨૭, ડાયાબિટીસના ૮૩, કાન નાક ગળાના ૨૫, ચામડીના ૩૫, ફિજયોથેરાપીના ૧૫, ઓર્થોપેડીકના ૧૬, પેથોલોજી ના ૩૫, ન્યુરોલોજીના ૯, તથા આયુષ્માન કાર્ડ ન ૨૦ વ્યસન મુક્તિના ૧૫, કેસ ન લાભાર્થીઓ એ લાભ લીધો હતો. આ પ્રસંગે પૂજ્ય.સર્વમંગલ સ્વામીજી, સંતોષ સ્વામીજી, માજી. મંત્રી શ્રી અને ધારાસભ્યશ્રી વિનોદભાઈ mroadiya સાહેબ, પદ્મશ્રી નિલેશભાઈ માંડલે વાળા, કોળી સેનાના જીગ્નેશભાઈ પટેલ, ટ્રસ્ટના પ્રમુખ શ્રી સતીષભાઈ કે. પટેલ, ઉપપ્રમુખ શ્રી રાકેશભાઇ પટેલ, સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ ટી.પટેલ ટ્રસ્ટી શ્રી સુનિલભાઈ સી. પટેલ તથા ટ્રસ્ટી મંડળ.યુવા મંડળ, કસ્તૂરી મહિલા મંડળ ના સભ્યો અને દાસ આત્મીય સુહૃદ ફાઉન્ડેશન ના હરિ ભક્તો તથા સમાજના આગેવાનો, મહેમાનશ્રીઓ, રક્તદાતાઓ,લાભાર્થીઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યાં હતા.

# ડો.અતુલ પાઠકજી દ્વારા લિખિત વધુ બે પુસ્તકોનું લોકાર્પણ

### એમ. ટી.બી. કોલેજના આચાર્ય ડો.મુકેશભાઇ પટેલનાં હસ્તે પુસ્તકોનું લોકાર્પણ

સુરત, તા.૬

અત્રે મજૂરા ગેટ નજીક આવેલી "શારદા હોસ્પિટલ"નાં સભાગૃહમાં "ગુજરાત રાજ્ય પ્રગતિશીલ લેખક સંઘ, અમદાવાદ"ના પ્રિસિડિયમના સભ્ય અને "ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગર" ના ઉપપ્રમુખ ડૉ. અતુલભાઈ પાઠકજીએ લખેલાં બે પુસ્તકો "મોગલ સલ્તનત" અને "આઝાદી પછીનું ભારત"નું લોકાર્પણ "રોટરી ક્લબ ઑફ સુરત ડાયમંડસિટી", "દક્ષિણ ગુજરાત પ્રગતિશીલ લેખક સંઘ", "ગુજરાત હિતરક્ષક સભા, અમદાવાદ", "સુરત ડિસ્ટ્રિક્ટ ટીબી ઍસૉસિએશન" અને "સુરત શહેર - જિલ્લા મહિલા સંઘ" નાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમારંભમાં "સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી" સંચાલિત "એમ. ટી.બી. આર્ટ્સ કૉલૅજ" ના આચાર્ય મુકેશભાઈ પટેલનાં શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

# મંદરોઈ પ્રાથમિક શાળા ખાતે નગીન પટેલને નિવૃત્તિ વિદાયમાન

### શિક્ષકોની સમસ્યા સમજે તે જ સાચા શિક્ષણાધિકારી: કિરીટ પટેલ



સુરત, તા.૬

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની મંદરોઈ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતાં શિક્ષક નગીનભાઈ કરસનભાઈ પટેલ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેમનો ભવ્ય નિવૃત્તિ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. નગીનભાઈ પટેલની શિક્ષણ જગતમાં ૩૯ વર્ષની ગૌરવવંતી શૈક્ષણિક સફરને વધાવવા,તેમની સંગઠન પ્રત્યેની નિષ્ઠાને બિરદાવવા ઉપરાંત બીટ નિરીક્ષક અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે શિક્ષકોનાં હિત માટેની ભૂમિકાનું ઋણ અદા કરવાનાં મંગલમય અવસરે તાલુકાભરમાંથી શિક્ષક ભાઈ-બહેનો,નિવૃત્ત કર્મચારીઓ, ગ્રામજનો, પરિવારજનો,મિત્રમંડળ સહિત સંગઠનનાં હોદ્દેદારો મોટી સંખ્યામાં ઊમટી પડ્યાં હતાં.

ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશનનાં કાઉન્સિલર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ પ્રમુખસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં તાલૂકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ,ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર તથા ઓલપાડ તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ સોસાયટીનાં માજી સેક્રેટરી ઠાકોરભાઈ પટેલે અતિથિ વિશેષ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું.પ્રારંભે દીપ પ્રજ્વલન બાદ શાળાનાં આચાર્ય જિજ્ઞેશ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી નગીનભાઈનો જીવન વૃતાંત રજૂ કર્યો હતો.બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં નગીનભાઈની બીટ નિરીક્ષક તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકેની નિઃસ્વાર્થ ભૂમિકાની સરાહના કરી હતી. આ તકે મંદરોઈ શાળા પરિવાર, કરંજ કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા મિત્રમંડળ દ્વારા નગીનભાઈનું પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માનપત્ર અને

અનુસંધાન પાના ૭ પર

# V.I.S.T.A દ્વારા વેકેશનમાં સેવા, સંવેદના અને સહયોગનો સંદેશ



### શારદા દેવી ચેરિટેબલ ફાઉન્ડેશનનો પ્રેરણાદાયક પ્રોજેક્ટ - ઘરેથી એકત્રિત વસ્તુઓ હવે બનશે જરૂરિયાતમંદો માટે આશાનો કિરણ

સુરત, તા.૬

સમાજમાં સંવેદનશીલતા અને જવાબદારીના મૂલ્યો વિકસાવવા માટે શારદા દેવી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા 'V.I.S.T.A (Vacation Initiative fro Student Tribal Assistance)' નામનો એક અનોખો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પહેલ હેઠળ વિદ્યાર્થીઓએ પોતાના વેકેશનનો સકારાત્મક ઉપયોગ કરીને સમાજ સેવા માટે પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિદ્યાર્થીઓએ પોતાની સોસાયટીમાં જઈને લોકોના ઘરે રહેલી અને હાલ ઉપયોગમાં ન આવતી વસ્તુઓ— જેમ કે પુસ્તકો, કપડાં, સ્કૂલ બેગ, રમકડાં અને ઘરગથ્થુ સામાન— એકત્રિત કર્યા છે. આ તમામ વસ્તુઓ હવે આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેલા જરૂરિયાતમંદ બાળકો અને પરિવારો સુધી પહોંચાડવામાં આવશે.

આ અભિયાનનું આયોજન ૩૧ માર્ચના પવિત્ર મહાવીર જયંતિના દિવસે કરવામાં આવ્યું હતું, જ્યારે ૫ એપ્રિલ, રવિવારે વિદ્યાર્થીઓ સ્વયં ગ્રામ્ય વિસ્તારોમાં જઈને આ સામગ્રીનું વિતરણ કરી આવ્યા. આ પહેલનો મુખ્ય હેતુ માત્ર દાન એકત્રિત કરવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં 'શેરિંગ, સેવા અને સામાજિક જવાબદારી' જેવા મૂલ્યોનું સિંચન કરવાનો છે. સાથે સાથે, ઉપયોગમાં ન આવતી વસ્તુઓનો પુનઃઉપયોગ કરીને વેસ્ટ ઘટાડવાનો પણ મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો છે. મોડરેટરનો સંદેશ –

અનુસંધાન પાના ૭ પર



# સુરત મહાનગર ભાજપ દ્વારા ઘર ઘર મહા સંપર્ક અભિયાન

### સ્થાનિક ચૂંટણીઓ માટે ભાજપે ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા

સુરત, તા.૬

તા ૦૬ એપ્રિલ , ૧૯૮૦ ના રોજ મુંબઈ મહાનગરે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરવામાં આવી હતી ત્યારથી દર વર્ષે ભારતીય જનતા પાર્ટી દ્વારા ૦૬ એપ્રિલના રોજ ભારતીય જનતા પાર્ટી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવે છે. ઉપરોક્ત સંદર્ભે તથા આવનારા દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખી ભારતીય જનતા પાર્ટી -- સુરત મહાનગર દ્વારા સમગ્ર સુરત મહાનગરમાં " ઘર ઘર મહા સંપર્ક " અભિયાન આદરવામાં આવ્યું હતું . આ " ઘર ઘર મહા સંપર્ક " અભિયાનમાં સાંસદશ્રીઓ , ધારાસભ્યશ્રીઓ , ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા . આવતી કાલે ૦૬ એપ્રિલ ના રોજ ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે સુરત મહાનગરના પ્રત્યેક વોર્ડમાં સ્થાપના દિન નો એક કાર્યક્રમ યોજવામાં આવશે , જેમાં સાંસદશ્રીઓ , ધારાસભ્યશ્રીઓ , ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહેશે તથા ઉપસ્થિત વક્તા દ્વારા ભારતીય જનતા પાર્ટીના ઈતિહાસ અને વિકાસ તથા વિચાર પરિવાર અને અનુશાસન વિષયની જાણકારી આપવામાં આવશે.

# અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



### અડાજણમાં આયોજીત મહા રક્તદાન શિબિરમાં ૨૫૧ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું

સુરત, તા.૬

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ, અડાજણ, વન બ્લડ અનાવિલ, નવસારી અને સુરત રક્તદાન કેન્દ્રનાં સંયુક્ત ઉપક્રમે રવિવાર, તા.૫.૪.૨૬નાં રોજ દયાળજી આશ્રમ, મજૂરાગેટ, સુરત ખાતે " મહા રક્તદાન શિબિર " નું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જીજ્ઞાબેન, પૂર્વીબેન અને શ્વેતાબેને પ્રાર્થના દ્વારા કરી હતી. આ પ્રસંગે ડોનેટ લાઈફ, સુરત નાં પ્રમુખ પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલા , શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના પ્રમુખશ્રી સંજયભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ દેસાઈ અને શ્રી કિરીટભાઈ દેસાઈ તેમજ સુરત રક્તદાન કેન્દ્રનાં પ્રમુખ ડો. પ્રદીપ પેઠે, અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ, અડાજણના ટ્રસ્ટીશ્રી જતીનભાઈ દેસાઈ વિ. એ ઉપસ્થિત રહી તમામ રક્તદાતાઓને નિયમિત રક્તદાન કરી રક્તની જરૂરિયાતવાળા દર્દીઓને નવજીવન બક્ષવાના પુણ્ય કાર્યમાં સહભાગી થવા પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા. તેમજ સુરત શહેરના મા. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોતે રક્તદાન શિબિરના સફળ આયોજન માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. રક્તદાન શિબિરમાં અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ નાં પ્રમુખ શ્રીમતી વિભૂતિબેન દેસાઈ એ ટ્રસ્ટની વિવિધ પ્રવૃતિઓ વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર કર્યા હતા અને રક્તદાન દ્વારા માનવસેવાના ઉમદા કાર્ય કરવા બદલ સર્વે રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તમામ રક્તદાતાઓને પ્રશંસાપત્ર અને

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ રેલ્વે ઉધના અને માલદા ટાઉન વચ્ચે ખાસ ટ્રેન ચલાવશે

### ખાસ ભાડા સાથે વિશેષ ટ્રેનથી મુસાફરો માટે સુવિધા

સુરત, તા.૬

મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા, મુસાફરીની વધતી માંગને પહોંચી વળવા અને વધારાના મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યથી, પશ્ચિમ રેલ્વે ઉધના અને માલદા ટાઉન સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા સાથે એક ખાસ ટ્રેન ચલાવશે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતોમાં ટ્રેન નંબર ૦૯૦૩૩/૦૯૦૩૪ ઉધના - માલદા ટાઉન (સાપ્તાહિક) ખાસ ટ્રેન ચ૩ર ટ્રિપ્સૃ ટ્રેન નંબર ૦૯૦૩૩ ઉધના - માલદા ટાઉન સ્પેશિયલ ઉધનાથી દર ગુરુવારે ૨૩:૦૦ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે ૧૧:૫૫ વાગ્યે માલદા ટાઉન પહોંચશે. આ ટ્રેન ૯ એપ્રિલથી ૨૩ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૩૪ માલદા ટાઉન - ઉધના સ્પેશિયલ રવિવારે માલદા ટાઉનથી ૦૯:૩૦ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૧:૨૦ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૧૨ એપ્રિલથી ૨૬ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન નીચેના સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે: નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, પ્રયાગરાજ છોકી, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને ન્યૂ ફરક્કા.આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૦૩૩ માટે બુકિંગ ૦૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરોને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી છે.



ગ્રીન ગાર્ડિયન ચેરીટેબલ ટ્રસ્ટ અને વન વિભાગ સુરત દ્વારા આજરોજ સુરતમાંથી લુપ્ત થતી પ્રજાતિની વાઇલ્ડ કેટ એટલે કે જંગલ બિલાડીને રેસ્ક્યુ કરવામાં આવી અને એને સહી સલામત જંગલ વિસ્તારમાં છોડવામાં આવી.

# શ્રી માર્વતી હનુમાનજી મંદિરે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી

### મહાયજ્ઞ, ભંડારો મહાઆરતીનું આયોજન કરાયું



સુરત, તા.૬

શ્રી માર્વતી હનુમાનજી મંદિર ટ્રસ્ટ. વેડરોડ સુરત દ્વારા " શ્રી હનુમનજીના જન્મોત્સવ નિમિત્તે.. મહાં ભંડારો, મહાયજ્ઞ ને મહાઆરતી દ્વારા ધાર્મિક માહોલ મા વિશાળ સંખ્યામાં ભક્તજનો એ લાભ લીધો હતો.

મહાર સેવા સમાજ સુરત: સંચાલિત ઉપરોકત ટ્રસ્ટ નાં સ્થાપક ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી વિનય રૂપવતે સ્થાપક ટ્રસ્ટી શ્રી પરેશ મોહિતે અને મંત્રી શ્રી રાજુ ગાનગોડે સહીતના નેતૃત્વમાં સતત સન ૧૯૯૩ થી ૩૩ માં વર્ષે.. વેડ રોડ પંડોળ સ્થીત મંદીરે જન્માષ્ટમી, રામનવમી અને મહા શિવરાત્રી જેવા ધાર્મિક મહોત્સવો ની ધામ ધૂમ પૂર્વક શોભાયાત્રા કાઢીને ઊજવણી કરવામાં આવે છે.

સમાજમાં અન્ય અગ્રણી શ્રી ચંદ્રકાંત જાદવ, આઝાદ ન્યાય મંચના શ્રી નરેશ પરમાર, શ્રી શાંતારામ ભરાંડે શ્રી રમેશ સિર્વાડકર મંદિરમાં પૂજાપાઠ કરતા શ્રી હંસાબેન તડવી, મીનાબેન રાણા, પ્રેમચંદ ચોહાણ, ગણપત રાજપૂત સહિત શ્રી ઉમેશ મોહિતે. સુનીલ જાદવ, શ્રી બંટીભાઈ રાજપૂત, શ્રી નરેશ સાંડિશ શ્રી અનિલ મોહિતે અને કુશ સાંડીશ ની યુવા બ્રિગેડ તમામ મોરચે સફલ સંચાલન કર્યું હતું.. વિશેષમાં સતત ૩૩ વર્ષથી એક ધારા ૧૦૦ કિલો ખમણ નું દાન આપતા બોરીચા ગેસ કું. માલિક શ્રી નરેશભાઈ બોરીચા સાહેબ.. ત્રીસ

અનુસંધાન પાના ૭ પર



# દરિયાઇ કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા કોસ્ટલ પેટ્રોલીગ

સુરત, તા.૬

હાલની વૈશ્વિક યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજયની દરીયાઇ સુરક્ષા વધુ સુધ્ઢ બનાવવી અતિઆવશ્યક હોય જેથી મરીન ટાસ્ક ફોર્સના ADGP શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ તેમજ DIGP શ્રી એ.એમ.મુનિયા સાહેબ અને S.P શ્રી એસ.જે.પરમાર નાઓના માર્ગદર્શન હેઠળ મરીન સેકટર હજીરાના પો.ઈન્સ.શ્રી એમ.એમ.જાંબુકીયા નેતૃત્વમાં મરીન સેક્ટર હજીરા ના તમામ અધિકારી/મરીન કમાન્ડો દ્વારા અલગ અલગ ટીમ બનાવી તા.૦૪.૦૪.૨૦૨૬ ના રોજ સુંવાલી બીચ અને તેની આસપાસના દરીયાકાંઠા વિસ્તારમા સઘન કોસ્ટલ પેટ્રોલીગ કરવામાં આવેલ. આ ''સઘન કોસ્ટલ પેટ્રોલીગ'' દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ બોટો, તેમજ અવાવરૂ જગ્યાઓનું ચેકીગ હાથ ધરવામાં આવેલ હતું.

# ૧૦૩ વર્ષની વયે દાદા અવસાન પામતા વાજતે ગાજતે નીકળી ભવ્ય અંતિમયાત્રા

### નવસારી જિલ્લા ભાજપ આદિવાસી મોરચાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ ગરાસીયાના પિતા સ્વ.નારણભાઈની અનોખી અંતિમયાત્રા



ખેરગામ, તા.૬

ખેરગામના જામનપાડાના તળાવપાડા ફળિયામાં રહેતા અને નવસારી જિલ્લા ભાજપ આદિવાસી મોરચાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ ગરાસીયાના પિતા સ્વ.નારણભાઈ જેસલાભાઈ ગરાસીયાનું ૧૦૩ વર્ષની જૈફ વયે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જો કે, એક શતાબ્દીથી વધુનું આયુષ્ય ભોગવીને વિદાય લેનાર વડીલની અંતિમયાત્રાને શોકને બદલે તેમના લાંબા અને સમૃદ્ધ જીવનના ઉત્સવ તરીકે મનાવવામાં આવી હતી.

નારણભાઈની અંતિમયાત્રામાં આદિવાસી સંસ્કૃતિનાં દર્શન થયાં હતાં. પરંપરાગત આદિવાસી વાજિંત્ર 'તૂર' ના તાલે અને વાજતે-ગાજતે નીકળેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ૧૦૩ વર્ષનું ભરપૂર આયુષ્ય જીવ્યા હોવાથી, પરિવારજનો અને સ્નેહીજનોએ તેમની વિદાયને 'વરઘોડા' સમાન ગણી ફટાકડા ફોડીને તેમને આખરી સલામી આપી હતી. તૂરના નાદ અને આદિવાસી સંસ્કૃતિના ગૌરવ સાથે નીકળેલી આ અંતિમયાત્રા આસપાસના ગ્રામજનો માટે આદરનું કેન્દ્ર બની હતી. સ્વ.નારણભાઈ ગરાસીયા એક મજબૂત અને પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમના પુત્ર અરવિંદભાઈ ગરાસીયા નવસારી જિલ્લા ભાજપ આદિવાસી મોરચામાં પૂર્વ પ્રમુખ તરીકે સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે, ત્યારે પિતાના નિધનના સમાચાર મળતા જ અનેક રાજકીય અને સામાજિક આગેવાનો તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અંતિમસંસ્કાર સમયે સૌએ પુષ્પાંજલિ અર્પી પિતાતુલ્ય વડીલના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.૧૦૩ વર્ષની ઉંમરે

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડના દાંડી ગામે ગામના વૃદ્ધ ઉપર બે ઈસમોનો હુમલો

### વૃદ્ધ સ્મશાન ટ્રસ્ટના વિકાસ બાબતે માઈક ઉપર ભાષણ કરી રહ્યા હતાં ત્યારે હુમલો

સુરત, તા.૬

ઓલપાડ તાલુકાના દરિયાઈ કાંઠા વિસ્તારના દાંડી ગામે હનુમાન જયંતિના દિવસે સ્મશાન ટ્રસ્ટના વિકાસ બાબતે જાહેરમાં માઈક ઉપર ભાષણ કરતા ગામના વૃદ્ધ ઉપર ઉશ્કેરાયેલા બે શખ્સોએ હુમલો કરવાની ઘટના ઓલપાડ પોલીસ મથકમાં નોંધાઈ છે.

ઓલપાડ તાલુકાના દાંડી ગામના વતની અને હાલમાં સુરત શહેરના અડાજણ પાટીયા પાસે રાંદેર રોડની સુગમ સોસાયટીનાં મ.નં.૧૧ માં પ્રદિપભાઈ રતિલાલ નાવિક (ઉ.વ.૬૪)રહી ઝિંગાનો વેપાર કરે છે.ગત તા.૦૨ ના રોજ હનુમાન જયંતિનો તહેવાર હોવાથી પ્રદિપભાઈ વતનના દાંડી ગામે હનુમાનજી મંદિરે દર્શન કરવા માટે જઈ રહ્યા હતા.પ્રદિપભાઈ મંદિરે પહોંચે તે પહેલા ગામના અખિલેશ ખલાસીએ તેમને મોબાઈલ ઉપર ફોન કર્યો હતો કે, આપણા ગામના સ્મશાન ટ્રસ્ટના વિકાસની કાર્યવાહી માટે ચેરિટી કમિશનરે ગામના સરપંચનો દાખલો અને ગ્રામસભાના ઠરાવ માંગ્યો હોવાથી બંન્ને નકલની જરૂર છે. જેથી પ્રદિપભાઈએ ગામના સરપંચ પરેશભાઈને ફોન કરતા તેણે કહ્યું હતું કે,આપણે હનુમાન મંદિરે ભેગા થઈએ અને આ બાબતે ચર્ચા કરીશું.પરંતુ ત્યાં સરપંચ હાજર રહ્યા ન હતાં.જો કે હનુમાન જયંતિ પ્રસંગે પ્રદિપભાઈ એ જાહેરમાં માઈક ઉપર સ્મશાનના વિકાસ લક્ષી કાર્યો વિશે બોલવાનું

અનુસંધાન પાના ૭ પર

પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૦૪-૨૦૨૬-સોમવાર, સુરત


સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૯૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઈરાન-અમેરિકા વચ્ચે ૪૫ દિવસના યુદ્ધવિરામ પર વાતચીત



## ટ્રમ્પે ઈરાનને આગામી ૪૮ કલાકની આખરી મહેતલ આપી : સમજૂતી ન થઈ તો ઈરાન પર મોટો હુમલો થશે

નવી દિલ્હી, તા. ૦૬

ઈરાન અને અમેરિકા વચ્ચે ૪૫ દિવસના યુદ્ધવિરામ અંગે વાતચીત ચાલી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, જો સમજૂતી નહીં થાય તો ઈરાન પર મોટા હુમલા થઈ શકે છે, જેની તૈયારી અમેરિકા અને ઈઝરાયલે કરી લીધી છે.એક્સિઓસના અહેવાલ મુજબ, પ્રસ્તાવિત કરારના પ્રથમ તબક્કામાં ૪૫ દિવસનો યુદ્ધવિરામ લાગુ કરવામાં આવશે, જે દરમિયાન કાયમી શાંતિ કરાર પર વાટાઘાટો થશે.આ વાટાઘાટોમાં પાકિસ્તાન, ઈજિપ્ત અને તુર્કી મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યા છે. મધ્યસ્થીઓનું કહેવું છે કે આગામી ૪૮ કલાક આ ડીલ માટે છેલ્લી તક છે.રિપોર્ટ્સ અનુસાર, અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઠેકાણાઓ પર હુમલાની યોજના તૈયાર કરી રાખી છે. જોકે, ઈરાન હાલમાં હોર્મુઝ સ્ટ્રેટ અને તેના પરમાણુ કાર્યક્રમ જેવા મહત્વના મુદ્દાઓ પર કોઈ મોટી છૂટ આપવાના મૂડમાં નથી દેખાઈ રહ્યું.ઈરાને જાન્યુઆરીમાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન લશ્કરી થાણા પર હુમલાના આરોપી અલી ફહીમને ફાંસી આપી દીધી છે. તેની મૃત્યુદંડની સજાને સુપ્રીમ કોર્ટે પણ યથાવત રાખી હતી.

ઈરાની મીડિયા અનુસાર, અલી ફહીમ પર આરોપ હતો કે તેણે પ્રદર્શન દરમિયાન એક મિલિટરી સુવિધા પર હુમલો કરવાનો અને હથિયારો કબજે કરવાનો પ્રયાસ કર્યો હતો.આ કેસમાં ઈરાન પહેલાથી જ અન્ય ત્રણ લોકોને ફાંસી આપી ચૂક્યું છે. જેમાં આમિર-હુસૈન હાતમી, મોહમ્મદ-અમીન બિગલારી અને શાહીન વાહેદપરસ્તનો સમાવેશ થાય છે.

ઈરાની અધિકારીઓનું કહેવું છે કે આરોપીઓ રાષ્ટ્રીય સુરક્ષા વિરુદ્ધ કામ કરી રહ્યા હતા. માનવાધિકાર સંગઠન એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અનુસાર, આ જ કેસ સાથે સંકળાયેલો અન્ય એક આરોપી પણ ટૂંક સમયમાં ફાંસીનો સામનો કરી શકે છે.

ઈરાનના નવા મિસાઈલ હુમલા બાદ ઈઝરાયલના દક્ષિણી ભાગોમાં સાયરન વાગ્યા. લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળોએ જવા માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું. ઈઝરાયલી સેના અનુસાર, ઈરાન તરફથી વધુ એક બેલિસ્ટિક મિસાઈલ લોન્ચ થયાનું જાણવા મળ્યું, ત્યારબાદ ચેતવણી જાહેર કરવામાં આવી.

મિસાઈલ હુમલાની આશંકાને કારણે ઘણા વિસ્તારોમાં સાયરન વગાડવામાં આવ્યા હતા, જેથી લોકો સમયસર સુરક્ષિત સ્થળોએ પહોંચી શકે. સતત હુમલાઓ વચ્ચે ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરવામાં આવી છે.

# ખાદ્યતેલથી પેટ્રોલિયમ કાચા માલનો ભાવ વધારો મોંઘવારી નોતરશે

### ખાદ્યતેલમાં લીટરે રૂ. ૪થીપ વધી ગયા : ખાદ્ય પદાર્થોમાં કંપનીઓએ ફરી વજન-ભાવની રમત શરૂ કરી

નવી દિલ્હી, તા. ૦૬

વાઈબ્રન્ટ ગુજરાત તરીકે વ્યાપાર-ઉદ્યોગથી ધમધમતા અને આગામી સમયમાં રાજયમાં કોમનવેલ્થની ઓલીમ્પીક સુધીની તૈયારીઓના કારણે રાજયમાં રીયલ એસ્ટેટ ઉદ્યોગ માટે મોટી આશા બંધાઈ હતી અને કોવિડના સમયગાળા બાદ ગુજરાત ફરી આળસ મરડીને બેઠું થયું હોય તેમ રિયલ એસ્ટેટમાં પણ તેજીની સ્થિતિ હતી પણ તેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઓચિંતા જ બ્રેક લાગી ગઈ છે.

ગુજરાતના રીયલ એસ્ટેટમાં ૨૦૨૬ના નાણાકીય વર્ષ (૨૦૨૫/૨૬)માં કોવિડ કાળ બાદના સૌથી ઓછા ૧૬૧૦ નવા પ્રોજેકટનું લોન્ચીંગ થયું છે. લગભગ ચાર વર્ષ સુધી ગુજરાતનો રીયલ એસ્ટેટ ઉદ્યોગ ધમધમતો રહ્યો છે પણ અચાનક જ આપેલી આ સ્થિતિ માટે એક તરફ છેલ્લા ચાર વર્ષમાં જે રીતે મોટા પાયે નવા પ્રોજેકટ લોન્ચ થયા પછી તેમાં સપ્લાય વધી ગઈ અને ડિમાન્ડ એટલે કે માંગ તો સ્થિર જ રહી હતી.

વધુ પડતા બિન વેચાયેલા આવાસોનો ભરાવો થતા જ બિલ્ડર્સ વર્ગ માટે તેનું રોકાણ પણ રોકાઈ ગયું હતું તો બીજી તરફ છેલ્લા એક વર્ષથી ટ્રમ્પના કારણે આયાત-નિકાસમાં ટેરિફની જે અનિશ્ચિતતા રહી તે પણ એક ભૂમિકા બનાવી ગયુ છે. અમદાવાદ જે રીયલ એસ્ટેટમાં રાજયને લીડ કરે છે ત્યાં પણ ૫૦૬

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં વ્હાઈટ હાઉસ પાસે આડેધડ ફાયરિંગ

### સમગ્ર વિસ્તાર કોર્ડન કરી હાઈએલર્ટ જાહેર કરાયું


નવી દિલ્હી, તા. ૦૬

અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ પાસે આડેધડ ગોળીબારની ઘટના બનતા ખળભળાટ મચી ગયો છે. અમેરિકન સિક્રેટ સર્વિસના અધિકારીઓને લાફાયેટ પાર્ક પાસે ફાયરિંગની માહિતી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી.

સુરક્ષા દળના જવાનોએ શંકાસ્પદ વ્યક્તિનો શોધવા પાર્ક અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ શરૂ કરી દીધી હતી. સીક્રેટ સર્વિસે સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, પાર્ક અને તેની આસપાસ સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી, જેમાં કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ મળ્યો નથી.

રાહતની વાત એ છે કે, ઘટનામાં કોઈપણ વ્યક્તિને ઈજા થઈ નથી. સિક્રેટ સર્વિસના પ્રમુખ એન્થની ગુગ્લિએલ્મીએ કહ્યું કે, ડીસી પોલીસ અને યુએસ પાર્ક પોલીસ તપાસ કરી રહી છે. તેમણે આસપાસના લોકોને ઘટનાની માહિતી આપવાની અપીલ કરી છે.

અનુસંધાન પાના ૭ પર



# ટ્રમ્પનું હોર્મુઝ મુદ્દે અલ્ટીમેટમ અને ઈરાનનો વળતો હુમલો

### હાઈફામાં મિસાઈલ હુમલો વિનાશનું કારણ બને છે

નવી દિલ્હી, તા. ૦૬

તેહરાન/જેરુસલેમ/વોશિંગ્ટન. ૬ એપ્રિલ, ૨૦૨૬ ની સવારે દુનિયા સમક્ષ ભયાનક દૃશ્ય ઉભું થયું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાનને 'હોર્મુઝ અલ્ટીમેટમ'થી ખાડી ક્ષેત્રમાં આગનો માહોલ સર્જાયો છે. ઈરાને આ ધમકીને નકારી કાઢતા, ઈઝરાયલી શહેર હાઈફા પર મિસાઈલ છોડ્યું, જેમાં બે નાગરિકો માર્યા ગયા. આ દરમિયાન, ઈરાન અને અમેરિકા વચ્ચે ૪૫ દિવસના યુદ્ધવિરામ અંગે વાટાઘાટો ચાલી રહી છે. અહેવાલો અનુસાર, જો કોઈ કરાર ન થાય, તો ઈરાન પર મોટો હુમલો થઈ શકે છે, જેના માટે અમેરિકા અને ઈઝરાયલે પહેલેથી જ તૈયારી કરી લીધી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના કડક નિવેદન સાથે યુદ્ધ શરૂ થયું, જેમાં ઈરાનને મંગળવાર (કાલે) સુધીનો સમય આપવામાં આવ્યો. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું:

"કાં તો તેહરાન તાત્કાલિક હોર્મુઝ સ્ટ્રેટ ખોલે, અથવા તેના પાવર પ્લાન્ટ અને મહત્વપૂર્ણ પુલો પર મોટા પાયે બોમ્બમારો કરવાની તૈયારી કરે."

આ ધમકીનો જવાબ આપતા ઈરાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન જાવેદ ઝરીફે આંતરરાષ્ટ્રીય મંચ પર ટ્રમ્પના વર્તનને "અભદ્ર અને અશ્લીલ" ગણાવ્યું. ઝરીફે સોશિયલ મીડિયા પર ચેતવણી આપી:

"ઈરાન પોતાનો બચાવ કરશે. આ આક્રમણ આપણા શાળાના બાળકોને નિશાન બનાવતા યુદ્ધ ગુનાથી શરૂ થયું હતું. ટ્રમ્પ દ્વારા આ નવી ધમકી આંતરરાષ્ટ્રીય ગુનાહિત જવાબદારીનો વિષય છે."

આજે સવારે ઈરાની મિસાઈલ એક રહેણાંક મકાન પર પડતાં ઈઝરાયલી દરિયાકાંઠાના શહેર હાઈફામાં અંધાધૂંધી ફેલાઈ ગઈ.

બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે ચાર અન્ય ગંભીર રીતે ઘાયલ થયા. બચાવ કાર્યકરો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા બે ગુમ થયેલા લોકોને શોધી રહ્યા છે.

ઈઝરાયલી સૈન્યએ દક્ષિણ ઈઝરાયલ (બીરશેબા) તરફ જતી ઘણી અન્ય મિસાઈલોને હવામાં નષ્ટ કરવાનો દાવો કર્યો છે. ગઈકાલે રાત્રે, તેહરાન પર આકાશમાં ફક્ત આગ અને ધુમાડા છવાઈ ગયા. યુએસ અને ઈઝરાયલી સંયુક્ત હવાઈ હુમલાઓએ ઈરાનના માળખાને તબાહ કરી દીધો છે.

અનુસંધાન પાના ૭ પર

# યુદ્ધ વચ્ચે ઈરાને વધુ એક વાર ભારતના વખાણ કર્યા

### ભારતની વિદેશ નીતિથી તહેરાન પ્રભાવિત

નવી દિલ્હી, તા. ૦૬

પશ્ચિમ એશિયામાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષ અને ભારે તણાવની સ્થિતિ વચ્ચે ઈરાને ભારતની વિદેશ નીતિના મુક્ત કંઠે વખાણ કર્યા છે. ઈરાને જણાવ્યું છે કે તે ભારતની સ્વતંત્ર અને સંતુલિત વિદેશ નીતિથી અત્યંત પ્રભાવિત છે, જે કોઈપણ બાહ્ય દબાણ વગર રાષ્ટ્રહિતમાં નિર્ણયો લેવાની ક્ષમતા ધરાવે છે. ભારતની મુત્સદ્દીગીરીનું વૈશ્વિક સ્તરે સન્માન ઈરાનના વરિષ્ઠ અધિકારીઓ અને રાજદ્વારીઓએ સંકેત આપ્યો છે કે રશિયા-યુક્રેન યુદ્ધ હોય કે મધ્ય પૂર્વનું સંકટ, ભારતે જે રીતે સંતુલન જાળવી રાખ્યું છે તે પ્રશંસનીય છે. ઈરાન માને છે કે, ભારત એક એવી વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી આવ્યું છે જે પશ્ચિમી દેશો સાથેના સંબંધો જાળવી રાખીને પણ તેના જૂના મિત્ર દેશો (જેમ કે ઈરાન) સાથેના જોડાણને નબળું પડવા દેતું નથી. જ્યારે વિશ્વના મોટાભાગના દેશો બે જૂથમાં વહેંચાઈ ગયા છે, ત્યારે ભારતે કોઈ એક પક્ષે ઉભા રહેવાને બદલે 'હિંસા મુક્તિ' અને 'નાગરિક સુરક્ષા'ની વાત કરી છે. ભારતની આ તટસ્થતાને કારણે જ ઈરાન તેને એક વિશ્વાસપાત્ર મિત્ર તરીકે જોઈ રહ્યું છે. ઈરાની મીડિયા અને સરકારમાં એવી ચર્ચાઓ છે કે ભારત મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે એક મહત્વપૂર્ણ મધ્યસ્થી બની શકે છે.

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ

### આજથી ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૦૬

રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ આજે પ્રસિધ્ધ કરાતાની સાથે જ રાજકીય ગરમાવો આવી જવા પામેલ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં છ મહાનગરપાલિકા, ૧૧ જીલ્લા પંચાયત, ૮૨ તાલુકા પંચાયત અને ૨૭ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે.

રાજકીય પક્ષો દ્વારા સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી માટે ઉમેદવારોની યાદી તબકકાવાર જાહેર કરવામાં આવી રહી છે. તેની સાથે જ ઉમેદવારો દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીનું જાહેરનામુ આજે પ્રસિધ્ધ થતા જ ઉમેદવારો તા.૧૧ એપ્રિલ સુધી નામાંકન પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ કરાવી શકશે. જયારે તા.૧૩ એપ્રિલના રોજ ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવશે.ત્યારબાદ તા.૧૫ એપ્રિલ સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. તા.૧૫મીના સાંજના ચૂંટણી ચીત્ર સ્પષ્ટ થઈ જશે. ત્યારબાદ તા.૨૬ના સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન મતદારો કરી શકશે. જયારે મતગણતરી તા.૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુખ્યત્વે ચૂંટણી જંગ ખેલાશે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવા માટે છ સ્થળો પર વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ચૂંટણી આયોગ અને વહીવટી તંત્ર આદર્શ આચાર સંહિતાના અમલીકરણ માટે પગલા લેવામાં આવી રહ્યા છે.

ચૂંટણી કામગીરી માટે કર્મચારીઓના ઓર્ડરો ઈશ્યુ કરવામાં આવી રહ્યા છે. તેની સાથોસાથ કર્મચારીઓ અને અધિકારીઓની બદલી અને રજા મંજુર કરવા પર રોક લગાવી દેવામાં આવી છે.

અનુસંધાન પાના ૭ પર

# બિહારમાં રાજકોટના વેપારીના ૧૭ કિલો સોનાની લૂંટ

## કસ્ટમ અધિકારીના સ્વાંગમાં ધોળા દિવસે સાત લૂંટારૂઓનું કૃત્ય

### મહેશ મામતોરા તથા પ્રિન્સ રામપરિયા લૂંટાયા

નવી દિલ્હી, તા. ૦૬

બિહારના દાનાપુરમાં રાજકોટના સોની વેપારીના ૨૫ કરોડની કિંમતના ૧૭ કિલો સોનાની ધોળા દિવસે લૂંટ થતાં ખળભળાટ સર્જાયો છે. કસ્ટમ અધિકારીના સ્વાંગમાં સાત જેટલા લૂંટારૂઓ સોનુ ભરેલી ત્રણ બેગ લૂંટીને ફરાર થઇ ગયા હતા. લૂંટનો ભેદ ખોલવા તથા લૂંટારૂઓને પકડવા માટે ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. રાજકોટના સોની વેપારી પણ તાબડતોબ બિહાર પહોંચ્યા છે.

લૂંટની આ સમગ્ર ઘટના વિશે જાણવા મળતી વિગતો પ્રમાણે રાજકોટના મહેશ મામતોરા તથા પ્રિન્સ રામપરિયા અમદાવાદથી સહરસા એક્સપ્રેસ ટ્રેનમાં બિહારના દાનાપર પહોંચ્યા હતા. સોનુ ભરેલી ત્રણ બેગ સાથે બાકરગંજ સ્થિત કેવીએસ એન્ડ કું.માં જવાનું હતું.

દાનાપુર રેલવે સ્ટેશન ઉતરીને રીક્ષા કરી હતી અને રીક્ષા થોડી આગળ વધી ત્યાં ફ્લાઈઓવર પર કાર અને બાઈકમાં સાત શખ્સોએ તેમને આંતરી લીધા હતા. કસ્ટમ અધિકારી તરીકે ઓળખ આપીને સામાન ચેક કરવા લાગ્યા હતા. તમામ સાત લૂંટારૂઓએ સફેદ શર્ટ અને ખાખી પેન્ટ પહેર્યા હતા અને વર્તન-બોલચાલ અધિકારીઓ જેવા જ હોવાથી કોઇ શક પણ પડ્યો નહતો.

સોના ભરેલી ત્રણેય બેગ સાથે લૂંટારૂઓએ રાજકોટના બેમાંથી એકને કારમાં બેસાડી દીધો હતો અને થોડો આગળ જઈને સૂમસામ જગ્યાએ ઉતારીને ફરાર થઇ ગયા હતા. જ્યારે વેપારીને લૂંટાયા હોવાની જાણ થઇ હતી. રસ્તા પરથી પસાર થઇ રહેલા વાહન ચાલકની મદદથી પોલીસ અને રાજકોટ સ્થિત માલિકને જાણ કરી હતી. જેને પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.બપોરે એક વાગ્યાના અરસામાં ધોળા દિવસે સર્જાયેલી લૂંટની આ ઘટનાથી બિહારની રાજધાની પટણાથી માંડીને ગુજરાતના ઝવેરીઓમાં પણ ખળભળાટ સર્જાયો છે. આંતરરાજ્ય વેપાર કરતા સોની વેપારીઓમાં ફફડાટ સર્જાયો છે.રાજકોટના વેપારીના લૂંટાયેલા સોનાની કિંમત ૨૫ કરોડ અંદાજવામાં આવી છે. ત્રણ બેગમાં કુલ ૧૭ કિલો સોનુ હતું. રાજકોટના વેપારી બિહાર પહોંચ્યા છે. વિધિવત ફરિયાદ બાદ સતાવાર આંકડો જાહેર થશે.આરોપી સફેદ શર્ટ-ખાખી પેન્ટમાં કસ્ટમ ડ્રેસમાં હતા અને રૂઆબ છાંટતા હતારાજકોટના વેપારીનું ૧૭ કિલો સોનુ લૂંટી લેનારા લૂંટારૂઓની સંખ્યા સાતની હતી. તમામે સફેદ શર્ટ અને ખાખી પેન્ટ પહેર્યા હતા એટલું જ નહીં અધિકારીઓ જેવું જ વર્તન અને રૂઆબ હતો. કારમાં પોલીસ-સરકારી વિભાગના લોગો પણ હતા એટલે કોઈ શંકા ઉઠે તેમ ન હતી. યુવકને અધવચ્ચે કારમાંથી ઉતારીને નાસી ગયા બાદ લૂંટાયાનો અહેસાસ થયો હતો.

અનુસંધાન પાના ૭ પર

# સિક્કિમમાં ભારે હિમવર્ષા અને ભૂસ્ખલનમાં ૧૫૦૦ ટૂરિસ્ટ ફસાયા

### યુપીમાં વીજળી પડવાથી 3 દિવસમાં ૧૫નાં મોત થયા

નવી દિલ્હી, તા. ૦૬

સિક્કિમના મંગન જિલ્લામાં રવિવારે લાચેન-ચુંગથાંગ રોડ પર ભારે વરસાદ અને હિમવર્ષા થઈ. આના કારણે ભૂસ્ખલન પણ થયું અને રસ્તામાં મોટી-મોટી તિરાડો પડી ગઈ. અહીં ૧૫૦૦ પ્રવાસીઓ ફસાયા છે. અહીં આજે સવારથી જ પ્રવાસીઓનું રેસ્ક્યુ ચાલુ છે.

આ તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ભારતના હવામાનમાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં યમુનોત્રી ધામ સહિત ૩ જિલ્લામાં રવિવારે હિમવર્ષા થઈ. જ્યારે ૬ જિલ્લામાં વરસાદ સાથે કરા પડ્યા.

હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિના ઊંચા વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ. ગોંદલામાં ૨૮.૫ સેન્ટિમીટર, કેલાંગમાં ૨૦.૦ સેમી, હંસામાં ૫ સેમી બરફ પડ્યો. જ્યારે શિમલા, કુલ્લુ અને મંડીમાં કરા પડવાથી સફરજનના પાકને નુકસાન થયું.યુપીમાં વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાથી ૭૨ કલાકમાં ૧૫ લોકોના મોત થયા છે. કાશી, ગોંડા, સુલતાનપુર અને કાનપુર સહિત ૧૧ જિલ્લામાં રવિવારે છૂટોછવાયો વરસાદ થયો. કાનપુર, મથુરા, સંભલમાં કરા પડ્યા.

રાજસ્થાનમાં આજથી નવી વેધર સિસ્ટમ સક્રિય થશે. ૧૪ જિલ્લાઓમાં વાવાઝોડા સાથે ભારે વરસાદનું એલર્ટ છે. દિલ્હી-NCR અને હરિયાણાના કેટલાક ભાગોમાં વરસાદ સાથે કરા પડવાની સંભાવના છે.

તંત્રી લેખ...

સોમવાર, તા. ૦૬ એપ્રિલ ૨૦૨૬

# હવે નાટો છોડવાની ટ્રમ્પની આકરી ચીમકી

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષે દુનિયાના લગભગ તમામ દેશોના અર્થતંત્રોને ખોરવી નાંખીને ભારે હલચલ મચાવી છે. હવે વારેવારે નવા શાબ્દિક ઉંબાડિયા કરતા રહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નાટોમાંથી બહાર નીકળવાના સંકેત આપીને દુનિયાના શક્તિશાળી દેશોના આ સંગઠનમાં ભારે હલચલ જગાવી છે. પોતાની વાતમાં સંમતિ વ્યક્ત ન કરનારા સામે બખાળા કાઢવામાં કુખ્યાત ટ્રમ્પે ઈરાન સામેના જંગમાં નાટો દેશોનો સહયોગ ન મળતાં ભારે નારાજ છે. તેમણે આ સંગઠનને નબળું ગણાવી દીધું છે. ઈરાન સામેના જંગના સંદર્ભમાં નાટો દેશોના અલગ વલણ અને અમેરિકા ફર્સ્ટની નીતિને આગ્રહભેર અનુસરતા ટ્રમ્પનાં વલણમાં તેજોદ્વેષ સર્જાયો છે. આ સંજોગોમાં હવે નાટો જોડાણ તૂટી પડે એવી આશંકા સર્જાઈ છે. ટ્રમ્પે કહ્યંઅ છે કે, અમેરિકા નાટોમાંથી નીકળી જવાનું વિચારે છે. ટ્રમ્પની ઈચ્છા એવી હતી કે, નાટો દેશો હોર્મુઝ સમુદ્રધુનિ ખોલવામાં અમેરિકાનો સહયોગ કરે, પણ કોઈ નાટો દેશ આગળ ન આવતાં તેઓ ધુંઆપુંઆ છે. આમે પણ ટ્રમ્પ નાટો દેશોની સામે અલગ-અલગ કારણોથી નારાજ રહ્યા છે. હવે ઈરાન સામેના જંગના મામલે તેમણે આ સંગઠનથી છેડો ફાડવાનો ઈરાદો વ્યક્ત કરીને આ દેશોમાં રાજદ્વારી હલચલ જગાવી છે. ટ્રમ્પે હોર્મુઝના મામલે નાટો દેશોને દળો મોકલવા અનુરોધ કર્યો હતો. કોઈ દેશે તેમના આ અનુરોધને ગણકાર્યો ન હતો. ઊલટું બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે ઈરાન સામેનો અમેરિકાનો જંગ તેમનો (બ્રિટન) ન હોવાનો જવાબ આપીને બળતામાં ઘી હોમ્યું છે. ટ્રમ્પે એમ પૂછતાં રહ્યા છે કે, અમે આખી દુનિયા માટે અને તેમાં ખાસ તો નાટો માટે લડી રહ્યા છીએ, પણ યુરોપે

તો અમેરિકાના ઈરાન સામેના જંગના મામલે વિરોધ કરીને વાતને વધુ વણસાવી છે. સ્પેને તો તેની હવાઈ સીમા પરથી અમેરિકાનાં યુદ્ધ વિમાનોના ઉડ્ડયનની મનાઈ ફરમાવી દીધી છે. આમ આ બધા સમીકરણો અમેરિકાને નાટો અને યુરોપથી અળગું કરવામાં કારણરૂપ બની રહ્યા છે. આમે પણ ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળ દરમ્યાન નાટોમાં અમેરિકાના આર્થિક સહયોગના મામલે ભેદભાવના આરોપ લગાવ્યા હતા. ૨૦૧૪માં નાટો દેશો વચ્ચે નક્કી થયું હતું કે, દરેક સભ્ય દેશ પોતાના જીડીપીનો બે ટકા હિસ્સો સંરક્ષણ માટે ફાળવશે. તે સમયે અમેરિકાને વાંધો હતો કે અન્ય દેશો આ વાતનો અમલ કરતા ન હતા. હવે નાટો દેશો પણ વધુ આર્થિક અને લશ્કરી સહયોગ આપતા થયા છે. આમ છતાં પોતાનો મોટો આર્થિક અને લશ્કરી સહયોગ હોવાથી નાટોનું નેતૃત્વ મળવું જોઈએ એવો આગ્રહ હવે અમેરિકા કરે છે. તેમાં પણ ઈરાન સામેના જંગમાં નાટો દેશોનાં વલણે વાતને વણસાવી છે. ટ્રમ્પ હવે નાટોને કાગળનો વાઘ કહે છે. આમ આવનારા સમયમાં ટ્રમ્પ નાટો સાથે છેડો ફાડવાના ઈરાદાનું પાલન કરે તો દુનિયામાં રાજદ્વારી સમીકરણોમાં મોટો ફેરફાર થઈ શકે છે. નાટો દેશોએ અમેરિકાને મનાવવાનો માર્ગ ખોળવો પડશે અથવા એકલા આ સંગઠનની તાકાતને જાળવવાનાં પગલાં લેવાં પડશે.

# મહુવા મોઈત્રા, જરા ઈતિહાસ તો જાણો

જે પ્રવચન પ્રભાવશાળી હોય તે પરિપક્વ અને સત્ય જ હોય તેવું નથી તે વાત ફરી એકવાર તૃણમૂલના સાંસદ મહુવા મોઈત્રાએ સાબિત કરી. અગાઉ તેમણે સંસદમાં પૂછેલા પ્રશ્નોએ તો ઘણા પ્રશ્નો ઊભા કર્યા હતા, પરંતુ થોડા દિવસ પહેલાં તેમણે દેશની સ્વતંત્રતા લડાઈમાં ગુજરાતીઓનાં યોગદાન સંદર્ભે જે વાત કરી તે તદ્દન અધૂરી, માહિતીના અભાવવાળી અને છીછરી હતી. શાળામાં ભણતા કોઈ બાળકને પણ હસવું આવે તેવી વાત એક સાંસદે કરી કે સ્વતંત્રતાની લડાઈમાં બંગાળ અને પંજાબ જ આગળ પડતાં હતાં. કોઈ ગુજરાતીએ કંઈ નોંધપાત્ર કર્યું નથી. મહુવા મોઈત્રાનું ઈતિહાસનું જ્ઞાન કેટલું-કેવું હશે તેની ધારણા કોઈ કરવા ધારે તો આ વિધાન ઉપરથી કરી શકે. વતન કોલકોતામાં એક સંબોધનમાં મહુવા મોઈત્રાએ કહ્યું કે, 'બંગાળી પ્રજાતિ ગૌરવાન્વિત સમુદાય છે. અમે અંગ્રેજો વિરુદ્ધની લડતનું નેતૃત્વ કરી ચૂક્યા છીએ, ગુજરાતીઓ તેમાં ક્યાં હતા?' બંગાળી પ્રજા મહાન છે તે વાતમાં તો અસંમતિનો પ્રશ્ન નથી. બંગાળે દરેક ક્ષેત્રમાં વિભૂતિની કક્ષાએ વ્યક્તિત્વ આપ્યાં. અધ્યાત્મમાં પરમહંસ રામકૃષ્ણ, મહર્ષિ અરવિંદ કે વિવેકાનંદ, સાહિત્યમાં રવીન્દ્રનાથ અને બંકીમચંદ્ર, સ્વતંત્રતા લડતમાં સુભાષબાબુ અને એવા અનેક નામો, કળામાં નંદલાલ બોઝ કે સત્યજિત રાય પરંતુ આનો અર્થ એ નથી કે, ગુજરાતીઓનું યોગદાન નથી અને સ્વતંત્રતા લડતમાં તો અગ્રીમ છે. જો ચર્ચા ભારતની સ્વતંત્રતાની લડાઈની જ હોય તો તો ગુજરાતી વગર તે શરૂ ન થાય અને પૂર્ણ પણ ન થાય. ગાંધીજીનું નામ જગબત્રીસીએ છે. ભારતની આઝાદીમાં તો તેમનું યોગદાન અનન્ય છે જ, પરંતુ તેમના ચીંધેલા રસ્તે અન્ય દેશો પણ આઝાદ થયા. એક સ્વતંત્ર દેશ કેવો હોવો જોઈએ તેનું મૂળ તેમણે રોપ્યું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહથી લઈને છેક ૧૯૪૨ની લડત સુધી ગાંધીજીએ જે કર્યું તેનો કોઈ જોટો ક્યાં મળે? સરદાર સાહેબે બારડોલી સત્યાગ્રહ, ખેડાની લડત કરીને અંગ્રેજોને ધ્રુજાવી દીધા હતા. દાંડીયાત્રાનો માર્ગ નક્કી કરવાથી લઈને આખું આયોજન કરવામાં તેઓ અગ્રસર રહ્યા. દેશ સ્વતંત્ર થયો પછી રજવાડાંઓને એક કરીને એક ભારત બનાવવામાં સરદાર સાહેબનું યોગદાન આંતરરાષ્ટ્રીય સ્તરે ઈતિહાસમાં દર્જ છે. આ બે જ નામો પર્યાપ્ત છે. જો કે, આના સિવાય તો અનેક નામ છે, વિરાટ કામ છે. ગાંધીજીની સાથે રહેલા લોકોએ સાહિત્ય, શિક્ષણ, સમાજ સહિતના ક્ષેત્રે રચનાત્મક કાર્યો કર્યાં. સર્વોદય, અસ્પૃશ્યતા નિવારણ સહિતના કામો થયાં. મહુવા મોઈત્રાને ખ્યાલ નહીં હોય કે શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા જેવા લોકોએ પરદેશની ધરતી ઉપરથી ભારતની સ્વતંત્રતા માટે સંઘર્ષ કર્યો હતો. તેથીય પૂર્વે ૧૮૫૭ની પ્રથમ ક્રાંતિમાં પણ ગુજરાત હતું. દરેક પ્રદેશ-પ્રજાનું તે લડાઈમાં સમર્પણ હતું જ. મહુવા મોઈત્રા હોય કે કંગના રાણાવત કોઈ પણ વ્યક્તિ દેશની સ્વતંત્રતા માટે મનઘડંત વાત કરે તે યોગ્ય નથી. આ દુઃખદ છે, મોઈત્રાએ માફી માગી તો પણ વાત તો અયોગ્ય જ છે, પરંતુ આપણા માટે તેનાથીય મહત્ત્વનું એ છે કે, કોઈ ગુજરાતી નેતાએ તેમને પડકાર્યા નથી.

ઈરાનનો આ મિજાજ નવો નથી કેમ કે ઈરાન પહેલાં પણ ટ્રમ્પનાં ત્રણ અલ્ટિમેટમને ઘોળીને પી ગયું છે.

# ટ્રમ્પ હોર્મુઝની ખાડી કેમ ખોલાવી શકતા નથી?

## રશિયા અને ચીન આ યુદ્ધમાં સીધાં સામેલ નથી, પણ ઈરાનને પાછલા બારણે મદદ કરે જ છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ખોલવા માટે ઈરાનને ફરી અલ્ટિમેટમ અને સાથે સાથે લુખ્ખી દાટી પણ આપી દીધી. ટ્રમ્પે ઈરાનને ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપતાં ધમકી આપી છે કે, ઈરાન નહીં માને તો તબાહ કરી દઈશું. ઈરાન સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ના ખોલે તો તેના ઊર્જા મથકોને નિશાન બનાવવાની ધમકી પણ ટ્રમ્પે આપી છે. ઈરાન આ અલ્ટિમેટમને માને એવી શક્યતા ઓછી છે કેમ કે ઈરાને ટ્રમ્પના અલ્ટિમેટમને બકવાસ ગણાવ્યું છે. ઈરાને વળતી ધમકી પણ આપી છે કે, અમેરિકાનું લશ્કર ઈરાનમાં પગ પણ મૂકશે તો તેના માટે નરકના દરવાજા ખોલી દેવાશે.

ઈરાનનો આ મિજાજ નવો નથી કેમ કે ઈરાન પહેલાં પણ ટ્રમ્પનાં ત્રણ અલ્ટિમેટમને ઘોળીને પી ગયું છે. ટ્રમ્પે પહેલાં ઈરાનને પાંચ દિવસની મુદત આપી હતી, પણ ઈરાન એ મુદતને ઘોળીને પી જતાં ટ્રમ્પે વધુ ૫ દિવસ લંબાવ્યા હતા. ઈરાને આ અલ્ટિમેટમને પણ ના ગણકારતાં ટ્રમ્પે હવે માત્ર ૪૮ કલાકની મહેતલ આપી છે, પણ ઈરાન હુમલા નથી રોકી રહ્યું એ જોતાં એ અલ્ટિમેટમને માનવાના મૂડમાં નથી એ સ્પષ્ટ છે. ઈરાને અમેરિકાનાં બે ફાઈટર જેટ પણ ઉડાવી દીધાં છે એ જોતાં ઈરાન નમતું નહીં જ જોખે એવું લાગે છે.

ટ્રમ્પ લુખ્ખી દાટીઓ આપે છે છતાં હોર્મુઝ સ્ટ્રેઈટ એટલે કે હોર્મુઝની સામુદ્રધુની કેમ ખોલાવી શકતા નથી કેમ કે ઈરાને સમુદ્રમાં વોટર માઈન્સ એટલે કે જળ સુરંગો બિછાવી દીધી છે. ટ્રમ્પે પહેલાં ફિશિયારી મારેલી કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં કોઈ વોટર માઈન્સ નથી, પણ અમેરિકન ગુપ્તચર તંત્રે ઈરાને વોટર માઈન્સ બિછાવી હોવાની માહિતી આપી પછી ટ્રમ્પ ટાઢાબોળ થઈ ગયા છે.

અમેરિકાનું નેવી કંઈ પણ કરે તો ઈરાન આ વોટર માઈન્સથી ફસાયેલાં ક્રૂડનાં જહાજોને ઉડાવવા માંડે ને રીતસર સમુદ્ર ભડકે બળકે બળે તેથી ટ્રમ્પ કશું કરી શકતા નથી. અમેરિકન ગુપ્તચર તંત્રની માહિતી પ્રમાણે, હોર્મુઝ સામુદ્રધુનીમાં મહમ ૩ અને મહમ ૭ એમ બે પ્રકારની ઈરાની સુરંગો બિછાવવામાં આવી છે, પણ બીજી જળ સુરંગો પણ હોઈ શકે છે. અમેરિકન ગુપ્તચર તંત્ર હોર્મુઝ સ્ટ્રેઈટ સુધી જઈ શકતું નથી પણ સેટેલાઈટ તસવીરો અને બીજો સોર્સને આધારે આ માહિતી મેળવી છે. મહમ ૩ મોટાં જહાજોના ફુરચેફુરચા ઉડાવી શકે છે જ્યારે મહમ ૭ નાનાં અને મધ્યમ કક્ષાનાં જહાજોને ફૂંકી મારી શકે છે. ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીના છીછરા પાણીમાં સેંકડો મહમ ૭ માઈન્સ મૂકી હોવાનું મનાય છે. મહમ ૭ માઈન્સને ૩૦૦ ફૂટ જેટલે ઊંડે સમુદ્રમાં તળિયે બેસાડી શકાય છે પણ મહમ ૩ તો બિછાવવાની જરૂર પણ નથી. ઈરાનનાં હેલિકોપ્ટર્સ કે નેવીની બોટ હોર્મુઝ સ્ટ્રેઈટના પાણીમાં જળ સુરંગો ફેંકીને આવી જાય એટલે કામ પતી ગયું. ઈરાને પોતે વિકસાવેલી આ વોટર માઈન્સ પાણીમાં તરતી રહે છે પણ તેમાં એકોસ્ટિક સેન્સર લગાવેલાં હોવાથી પસાર થતાં જહાજને શોધીને તેના તળિયે ચોંટી જાય છે. રીમોટ કંટ્રોલથી ચાલતી હોવાથી ઈરાનના લશ્કરી અધિકારીઓ દૂર બેઠાં બેઠાં વિસ્ફોટ કરીને જહાજને ઉડાવી શકે છે. પાણીમાં ઉછળતી ને તરતી રહેતી આ વોટર માઈન્સને દૂરથી જોઈને કોઈને ખતરાનો અંદાજ ના આવે. દરિયામાં તકતી કોઈ ચીજ હોય એવું જ લાગે પણ વિસ્ફોટ કરે ત્યારે જહાજનાં છોતરાં સુદ્ધાં ફાટી જાય. મહમ ૭ માઈન્સ ૩૩૦ કિલો વિસ્ફોટકની બનેલી હોવાથી ગમે તેવા જહાજને ઉડાવવા સક્ષમ છે જ્યારે મહમ ૭માં ૨૨૦ કિલો વિસ્ફોટકો હોવાથી મધ્યમ કે નાનાં જહાજોને ફૂંકી મારી શકે છે. ઈરાન પાસે અત્યારે ૬૦૦૦ જેટલી વોટર માઈન્સ હોવાનું કહેવાય છે. થોડાં વરસો પહેલાં ઈરાને મહમ ૭ માઈન્સની નિકાસ કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાના ડરે કોઈ જાહેરમાં બોલતું નથી પણ ઘણા દેશોએ પોતાની દરિયાઈ સુરક્ષા માટે આ વોટર માઈન્સ ખરીદી છે તેથી ઈરાન સતત આ માઈન્સ બનાવ્યા જ કરે છે. આ કારણે ઈરાન પાસે મોટા પ્રમાણમાં વોટર માઈન્સ છે તેમાં મીનમેખ નથી.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઈરાની નેવીને નિશાન બનાવીને સતત હુમલા કર્યા છે કે જેથી વોટર માઈન્સને સાફ કરી દેવાય. અપાચે હેલિકોપ્ટર અને અ-૧૦ ક્લોઝ એર સપોર્ટ પ્લેનની મદદથી અમેરિકા ઈરાની નેવીનાં નાનાં નાનાં જહાજો પર હુમલા કરી રહ્યું

છે પણ ઈરાની નેવી સાફ થતું નથી. ઈરાનના નેવીનો બેઝ બંદર બહેશ્તી ખાતે છે. પહેલાં ચાબહાર તરીકે ઓળખાતા આ નેવલ બેઝમાં કેટલી પેટ્રોલિંગ બોટ કે નાનાં જહાજ છે તેની અમેરિકાને જ ખબર નથી.

એ સિવાય હોર્મુઝ સ્ટ્રેઈટની આસપાસ બીજાં ૧૫ જેટલાં સી પોર્ટ છે તેથી ઈરાનની અસલી તાકાતનો અમેરિકાને અંદાજ જ નથી આવતો. શિયાઓના શાસનમાં અમેરિકાના જાસૂસોને શોધી શોધીને ખતમ કરી દેવાયા હોવાથી અમેરિકા પાસે અંદરની માહિતી મેળવવાના સ્રોત પણ બહુ નથી તેથી અમેરિકા લાચાર છે.

રશિયા અને ચીન આ યુદ્ધમાં સીધાં સામેલ નથી, પણ ઈરાનને પાછલા બારણે મદદ કરે જ છે. રશિયા અને ચીન બંને અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે અને જબરદસ્ત સ્પાય નેટવર્ક પણ ધરાવે છે. અમેરિકા સામેના યુદ્ધમાં ઈરાનને તેનો લાભ પણ મળી રહ્યો હોવાથી પણ અમેરિકા લાચાર છે. ટ્રમ્પ પોતે ઈરાનને ચપટીમાં મસળી શકે તેમ હોવાના ફાંકા મારે છે પણ ખરેખર એવું કરી શકવાની સ્થિતિમાં નથી.

ટ્રમ્પે ફરી ધમકી આપી છે કેમ કે ટ્રમ્પે પોતાનો વટ બતાવવા માટે ધમકી આપવી જ પડે તેમ છે. ટ્રમ્પ કશું કર્યા વિના બેસી રહે તો અમેરિકાની ધાક ખતમ થઈ જાય તેથી ટ્રમ્પ ધમકી આપે છે, પણ અંદરખાને ટ્રમ્પ પણ હાંફવા માંડ્યા છે ને સમાધાન ઈચ્છે છે. ટ્રમ્પ ઈરાનને કોઈ પણ રીતે મંત્રણાના ટેબલ પર લાવીને સમાધાન કરાવવા ઊંચાનીચા થઈ રહ્યા છે પણ ઈરાન આ મામલે પણ મચક નથી આપતું.

અમેરિકાની શરતો સામે ઈરાને પોતે પણ શરતો મૂકી છે અને અમેરિકા પોતાની શરતો ના માને તો મંત્રણામાં રસ નથી એવું સોઈ ઝાટકીને કહી દીધું છે તેથી ટ્રમ્પ બરાબરના ભેરવાયા છે. ટ્રમ્પે વાસ્તવિકતા સમજીને નરમ પડવાની જરૂર છે. એક મહિનાના યુદ્ધમાં ઈરાને સાબિત કરી દીધું છે કે, ઈરાન વેનેઝુએલા નથી કે અમેરિકાનું આર્મી પ્રમુખના ઘરમાં ઘૂસીને તેને ઉઠાવી જાય ને આર્મી કશું ના કરી શકે. ઈરાન ઈંટનો જવાબ પથ્થરથી આપી રહ્યું છે એ જોતાં ટ્રમ્પે મમત મૂકીને સમાધાન કરી લેવું જોઈએ. અમેરિકાની આબરૂ પણ સચવાઈ જશે ને દુનિયાને પણ ફાયદો થશે.

એશિયાના પ્રથમ અદાણી પોર્ટે પણ ૫૦૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગ સાથે ઐતિહાસિક સીમાચિહ્ન અંકિત કર્યું છે.

# કચ્છનો સમૃદ્ધ સાગરકાંઠો

- કરાચી બંદરની અવેજીમાં ૧૯૪૮માં રચાયેલી વેસ્ટ કોસ્ટ ડેવલોપમેન્ટ કમિટી દ્વારા પોર્ટ કાર્યરત કરવા માટે કંડલાની પસંદગી કરવામાં આવી હતી.

કચ્છનાં જાહેરજીવનના અભ્યાસુ અગ્રણી મહેશભાઈ ઠક્કરે ૧૯૮૨માં પ્રસિદ્ધ કરેલી સંદર્ભ પુસ્તિકામાં પંડિત જવાહરલાલ નેહરુનું કંડલા બંદર વિષે ટાંચણ છે. ૧૦મી જાન્યુઆરી ૧૯૫૨ની તારીખ... પંડિજીએ કહ્યું કે 'સમગ્ર ભારતના ચિત્રમાં તેના એક ચિત્ર તરીકે હું કંડલા બંદરનાં કાર્યને નિહાળું છું ત્યારે સવિશેષ રાચું છું. આ શિલારોપણવિધિથી નૂતન ભારતનો પાયો નાખ્યો છે. આ બંદરમાં મૂકવામાં આવતી એક એક ઈંટ નૂતન ભારતના ચણતરની ઈંટ છે. આ કાર્ય સમગ્ર દેશની જનતાનું છે.' ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિતજીએ કંડલા બંદરના નિર્માણને જનતાના ભલા માટે લેખાવ્યું હતું. આ ધારણા દાયકાઓ પછી અક્ષરશઃ સાચી પડી છે. દીનદયાળ પોર્ટના નામે ઓળખાતાં પશ્ચિમ ભારતના આ ધમધમતા બંદરે અનેક સફળતા અને વિક્રમોના વાવટા ફરફરી રહ્યા છે. દીનદયાળ પોર્ટે તાજેતરમાં ૧૫૮ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ સાથે દેશના મહાબંદરોમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

બીજી તરફ ખાનગી ક્ષેત્રના એશિયાના પ્રથમ અદાણી પોર્ટે પણ ૫૦૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગ સાથે ઐતિહાસિક સીમાચિહ્ન અંકિત કર્યું છે. પાંચમી એપ્રિલે મેરિટાઈમ ડે ઊજવાઈ રહ્યો છે ત્યારે પશ્ચિમ ભારતના સાગરકાંઠે નૂતન ભારતના નિર્માણના બે ઝળહળતા રત્નોની વાત કરીએ. કંડલા અને મુંદરા સાથે નાનાં બંદરોનો વિકાસ તમામ કચ્છ બલ્કે દેશ માટે ગેમચેન્જર છે. ભારત ૭૫ હજાર કિલોમીટર લાંબો સમુદ્રકાંઠો ધરાવે છે. ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યમાં દેશના બંદરોએ ચાવીરૂપ ભૂમિકા ભજવવાની છે. આ વખતે મેરિટાઈમ દિવસનો મુખ્ય વિચાર છે : મેરિટાઈમ ઈન્ડિયા – પ્રગતિ કો સશક્ત બનાના. ભારત એક અગ્રણી વૈશ્વિક શિપિંગ શક્તિ બનવાનું સપનું જોઈ રહ્યું છે. ગુજરાતના ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકાંઠામાંથી ૨૩ ટકા એટલે કે ૩૫૨ કિ.મી. દરિયાકાંઠો કચ્છને મળ્યો છે. કચ્છનો કાંઠો સપાટ છે. લખપતથી કંડલા સુધી ૩૫૨ કિ.મી. પર સાગરના જોરદાર પ્રવાહોનાં કારણે મોટી ખાડીઓ અને નદીઓના પ્રવાહોના લીધે નાની ખાડીઓનું સર્જન થયું છે. 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ'માં હસમુખ અબોટીએ નોંધ્યું છે કે, અમુક ખાડીઓમાં કાયમ પાણી ભરાયેલાં રહે છે. કચ્છના બંદરોની પોઝિશન પર દૃષ્ટિપાત કરીએ તો કોરીક્રીક પર લખપત અને કોટેશ્વર, બોચા ખાડી પર મુંદરા, ગોડિયા ક્રીક પર જખૌ બંદર આવેલાં છે. સમુદ્રનો ભાગ અંદર ઘૂસી જવાનાં કારણે સુરક્ષિત બંદરનો લાભ કંડલાને મળ્યો છે. લખપત સિંધુના મુખ પર આવેલું છે. માંડવી બંદર કચ્છના દક્ષિણ દિશામાં સ્થિત છે. કચ્છી બાંધણીના જહાજોના નિર્માણમાં માંડવીની વિશેષતા છે. એક સમયે માંડવીથી કરાચીનો સીધો સંપર્ક (વાયા મુંબઈ) હતો. આજે પણ આરબ દેશો, આફ્રિકા દેશો અને યુરોપ સાથે માંડવીનો સંપર્ક છે. ભારત પાકિસ્તાનના ભાગલા બાદ કરાચી બંદરની અવેજીમાં વિકસાવાયેલું દીનદયાલ પોર્ટ (અગાઉનું કંડલા પોર્ટ) આજે સાડા સાત દાયકામાં દેશનું નંબર વન મહાબંદર બન્યું છે. ૭૫ વર્ષમાં પોર્ટનો ક્રમશઃ નોંધપાત્ર વિકાસ થયો છે અને આગામી સમયમાં વધુ માળખાકીય અને આધુનિકતા સાથે મેગા પોર્ટ બનવાની દિશામાં આગળ વધી રહ્યુ છે. ઈતિહાસ જોઈએ તો કચ્છના મહારાવ દ્વારા કંડલા ક્રીક વિસ્તારમાં વર્ષ ૧૯૩૧માં જેટી બંધાવાઈ હતી.

કરાચી બંદરની અવેજીમાં ૧૯૪૮માં રચાયેલી વેસ્ટ કોસ્ટ ડેવલોપમેન્ટ કમિટી દ્વારા પોર્ટ કાર્યરત કરવા માટે કંડલાની પસંદગી કરવામાં આવી હતી. ૧૯૫૨માં વડાપ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા કંડલા મહાબંદરનો પાયો નખાયો. દેશના પશ્ચિમી કિનારાના મુખ્ય બંદર તરીકે કાર્યરત થયા બાદ વર્ષ ૧૯૫૫માં દેશના તત્કાલીન ટ્રાન્સપોર્ટ મંત્રી લાલબહાદુર શાત્રીએ ૮ એપ્રિલ ૧૯૫૫ના કંડલાને મહાબંદર તરીકે જાહેર કર્યું હતું. નિર્માણ કરાયેલી પ્રથમ કાર્ગો જેટી ૧૯૫૭માં કાર્યરત કરાઈ હતી, બાદમાં વધુ બે કાર્ગો જેટીનું નિર્માણ કરાયું. ૫૦ના દાયકામાં શરૂ થયેલા પોર્ટના વિકાસની રફતાર તેજ રહી છે. પ્રવર્તમાન સમયમાં કંડલા બંદરે કુલ ૧૬ કાર્ગો જેટી અને ૮ ઓઈલ જેટીમાં કાર્ગો હેન્ડલિંગ થઈ રહ્યું છે.. સમય સાથે પોર્ટને વધુ આધુનિક બનાવાયું છે. વર્ષ ૧૯૫૭-૫૮માં ૮.૪૪ લાખ મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરનારા મહાબંદરે આજે ૨૦૨૬માં દેશના તમામ મહાબંદરોમાં સર્વાધિક ૧૬૦.૧૧ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરીને નંબર વન પોર્ટ બન્યું છે. આ ઉપરાંત પોર્ટને વધુ આધુનિક બનાવવા મેગ્નેટિક રેલ, સહિતના પ્રકલ્પો અમલમાં લાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા ડીપીએને ગ્રીન હાઈડ્રોજન હબ જાહેર કરાયું છે તે અંતર્ગત અબજોનું મૂડીરોકાણ કંડલા બંદરે આવશે અને હાઈડ્રોજનના ઉત્પાદનની દિશામાં પણ ઝડપભેર પગલાં લેવાયાં છે. તાજેતરમાં જ દેશમાં પ્રથમ વખત મિથેનોલ બંકરિંગનું સફળ પરીક્ષણ પોર્ટ દ્વારા કરાયું છે. આ ઉપરાંત તુણા ટેકરા ખાતે મેગા કન્ટેનર ટર્મિનલનું બાંધકામ ડીપી વર્લ્ડ દ્વારા તેજ ગતિએ ચાલી રહ્યું છે. તેમજ ૫૭ હજાર કરોડના ખર્ચે શિપ બિલ્ડિંગ યાર્ડ અને મધદરિયે મેગા પોર્ટના નિર્માણનો પ્રકલ્પ પણ આગળ ધપી રહ્યો છે. પોર્ટ દ્વારા દેશના મહાબંદરો નહીં હવે વિશ્વના મહાબંદરો સાથેની સ્પર્ધામાં ઊતરવા માટેની દિશામાં સક્રિય પ્રયાસો હાથ ધરાયા છે. અને છેલ્લે વાત મુંદરાની. ભારતમાં માળખાંકીય વિકાસ આધારિત પરિવર્તનમાં અદાણી પોર્ટ ધ્વજવાહક ભૂમિકામાં છે. મેરિટાઈમ ડેના બે દિવસ પૂર્વે અદાણી પોર્ટે ૫૦૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગનો વિક્રમ કર્યો એ નિમિત્તે કંપનીના સર્વેસર્વા ગૌતમ અદાણીએ લાગીણીભર્યા પ્રતિભાવ આપ્યા છે. મુંદરા એક નાનું બંદર હતું જે આજે અદાણી પોર્ટ અને સેઝનું કેન્દ્ર બન્યું છે. અદાણી સમૂહ ભારતીય માળખાંગત સુવિધાઓનું હાર્દ છે.

૫. બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ સરકારે તેની લક્ષ્મી ભંડાર યોજના ડબલ કરી દીધી છે.

# લોકશાહીનું સ્થાન નાણાશાહીએ લીધું છે

■ ભૂતકાળમાં ડીએમકે સરકારે મહિલાઓ માટે વિનામૂલ્યે બસયાત્રા અને માસિક રૂા. ૧૦૦૦થી સત્તા મેળવી હતી !

ઈરાનની લડાઈ હજુ કેટલો વખત ચાલશે તે નક્કી નથી, પણ આ લડાઈની અસર અર્થતંત્ર અને રાજતંત્ર ઉપર લાંબા સમય સુધી રહેશે તે નક્કી છે ! તેલ – ગેસની અછત અને કટોકટી શરૂ થઈ છે, પણ લોકોનાં બજેટ અને જનજીવન ઉપર તેની ગંભીર અસર પડે નહીં, હાલાકી શક્ય તેટલી ઓછી થાય તેવા પ્રયાસ વડાપ્રધાન કરી રહ્યા છે. આ સંજોગોમાં આપણાં ચાર રાજ્ય – તામિલનાડુ, કેરલમ્, આસામ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાઓની ચૂંટણી નવમી એપ્રિલથી ૨૯મી એપ્રિલ દરમિયાન છે, તેના ઉપર કેવી અસર પડશે તે જોવાનું છે. તેલની કટોકટી ઉપરાંત મતદારયાદીઓની ફેરતપાસ – ચકાસણી કરવામાં આવી તે સામે રાજકીય પક્ષોનો તીવ્ર વિરોધ રહ્યો છે. હવે તેની અસર કેવી પડશે તે જોવાનું છે. ઘૂસણખોરોની હકાલપટ્ટી સામે પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજી જંગે ચડયાં છે. ચૂંટણી દરમિયાન રાજકીય હિંસાખોરી બંગાળનો ઈતિહાસ છે તેની સામે સાવધાની રાખવા ચૂંટણીપંચે મતદાન બે તબક્કે કરવાની જાહેરાત કરી છે – અત્યાર સુધી બંગાળમાં મતદાન છથી આઠ તબક્કામાં થયું છે. આ વખતે ચૂંટણી કમિશનરે તટસ્થ – કોઈપણ પ્રકારના ભેદભાવ અને રાજકીય દૃષ્ટિ, વગ હોય નહીં, દબાણને વશ થાય નહીં તેવા અધિકારીઓની નિમણૂક કરી છે : સંવિધાન, ચૂંટણીપંચ તથા શાસનતંત્ર સામે શંકા ઉઠાવીને મતદારો, જનતાની ઉશ્કેરણી કરનારા નેતાઓની 'કલાગીરી'ની હવે કસોટી થશે. ચાર રાજ્ય અને કેન્દ્રશાસિત પુડુચેરીની ચૂંટણીનાં પરિણામ દૂરગામી હશે. ભાજપના એનડીએ મોરચા સામે કોંગ્રેસના ઈન્ડિ મોરચાની કપરી કસોટી છે. કોંગ્રેસ આસામમાં હવે સત્તા મેળવી શકશે ? અને ભાજપ બંગાળમાં મમતા બેનરજીને પદભ્રષ્ટ કરીને સત્તા મેળવશે ? કેરલમ્ અને તામિલનાડુમાં સત્તા મેળવે નહીં, પણ વધુ બેઠકો મળશે ? ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઈન્ડિ મોરચાના ઘટક પક્ષોએ ભાજપને સારી લડત આપી હતી, પણ હરિયાણા, બિહાર, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં એનડીએની સરસાઈથી દિલ્હીમાં સત્તા મળી. હવે દક્ષિણનાં બે રાજ્ય ઉપરાંત આસામ અને ૫. બંગાળમાં કસાકસી છે. આ ચાર રાજ્યમાંથી ત્રણમાં શાસકપક્ષ – પક્ષોનું પુનરાવર્તન થાય છે કે પરિવર્તન થશે ? આસામ અને કેરલમ્માં દસ વર્ષથી પરિવર્તન થયું નથી, જ્યારે બંગાળમાં મમતાજીએ પંદર વર્ષ શાસન કર્યું છે, સત્તા ભોગવી છે અને હવે ભાજપનો પડકાર ગંભીર છે. નકલી મતદારોને મતાધિકાર નથી, તેલ — ગેસની કટોકટીનો રાજકીય લાભ ઉઠાવવાના પ્રચાર – પ્રયાસ થાય છે. છેલ્લા દાવ તરીકે એમણે નાણાંની લહાણી શરૂ કરી છે. પંડિતો અને મુસ્લિમ મુઆઝિનોને અપાતાં માનધનમાં વધારો કર્યો છે અને ભાજપને સત્તા મળશે તો બંગાળીઓને પ્રિય માછલી અને માંસાહારી ખોરાક ઉપર પ્રતિબંધ મુકાશે એવો પ્રચાર શરૂ કર્યો છે, જે બતાવે છે કે સત્તા મેળવવા માટે કેટલી 'મમત' છે, ગમે તે કક્ષાએ નીચે ઊતરી શકાય છે ! મોદી – ભાજપને હરાવવા માટે હવે વિરોધપક્ષોએ મોદીની નકલ કરીને એમનો જ વ્યૂહ અપનાવ્યો છે. વિકાસ અને રાહત યોજનાઓમાં મહિલાઓ અને યુવાવર્ગને કેન્દ્રમાં રાખીને જાહેરાતો કરી છે. ભૂતકાળમાં વચનોની

લહાણી થતી હતી, પણ મતદારોને નેતાઓનાં વચનોમાં વિશ્વાસ નહીં રહ્યો હોવાથી હવે એડવાન્સમાં – આગોતરી નાણાસહાય અપાય છે ! સત્તા માટે લોકશાહીનું સ્થાન નાણાશાહીએ લીધું છે. ચૂંટણીના ઘોષણાપત્રોમાં જે જાહેરાતો થઈ છે તેનાથી આશ્ચર્ય નહીં, પણ સમજદાર નાગરિકોને ચિંતા જરૂર થાય – થવી જોઈએ કે આપણાં અર્થતંત્રની દશા કેવી થઈ રહી છે ! રિઝર્વ બેન્ક અને નાણાં ખાતાંના આર્થિક સર્વેમાં જણાવાયું હતું કે રાજ્યોનાં નાણાં તંત્ર – નાણાકીય સ્થિતિ સામે મોટું જોખમ – 'નાણાકીય લોકપ્રિયતા – લહાણી' હશે. લોકહિત નહીં – લોકપ્રિય પગલાંનું જોખમ છે. હવે આપણે આ સ્થિતિ જોઈ રહ્યા છીએ. વાસ્તવમાં આ 'નાણાશાહી'નો આતંક રોકવા માટે જ એક રાષ્ટ્ર એક ચૂંટણી અનિવાર્ય છે! અત્યારે તો રાજ્ય સરકારોના ખજાના ખૂલી ગયા છે ! ચાર રાજ્યની સરકારોએ જાહેર કરેલી નવી રાહત યોજનાઓ માટે ૩૭ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે અને છેલ્લા એક મહિનામાં ૨૦ હજાર કરોડ તો વહેંચાયા પણ છે. ચૂંટણીપંચ આચારસંહિતા જાહેર કરે તે પહેલાં આ જાહેરાતો – વહેંચણી થઈ ગઈ છે ! તામિલનાડુમાં ડીએમકે મુખ્યપ્રધાન એમ. કે. સ્ટાલિને મહિલાઓને ખુશ કરી છે. ચોખા માટે રેશન કાર્ડ ધરાવતા પ્રત્યેક પરિવારોને રૂા. ૩૦૦૦ પોંગલ ભેટની જાહેરાત થઈ છે. શ્રીલંકાથી આવેલા તમિલ વસાહતીઓને પણ સહાય મળશે. આવા પરિવારોની કુલ સંખ્યા અઢી કરોડ છે : કુલ ખર્ચ રૂા. ૬૯૩૬ કરોડ. આ પછી ડીએમકે સરકારે ૧.૩૦ કરોડ મહિલાઓને – દરેકનાં ખાતાંમાં રૂા. ૩૦૦૦ જમા કર્યા છે. આમાંથી રૂા. ૩૦૦૦ ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલના હપ્તામાં જમા થયા છે અને બાકીના ૨૦૦૦ ઉનાળાની રાહત પેટે છે. કુલ રકમ ૬૫૫૦ કરોડ છે.

ભૂતકાળમાં ડીએમકે સરકારે મહિલાઓ માટે વિનામૂલ્યે બસયાત્રા અને માસિક રૂા. ૧૦૦૦થી સત્તા મેળવી હતી ! ૫. બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ સરકારે તેની લક્ષ્મી ભંડાર યોજના ડબલ કરી દીધી છે. બે મહિના પહેલાં ફેબ્રુઆરીનાં બજેટમાં મહિલાઓને માસિક ૧૫૦૦ અને પછાત સમાજની મહિલાઓને ૧૭૦૦ અપાશે. એકંદર બે કરોડથી વધુ મહિલાઓને વાર્ષિક રૂા. ૧૩,૨૦૦ કરોડ મળશે. બજેટમાં બંગલાર યુવા સાથી યોજના હેઠળ બેકાર યુવાનોને ૨૧થી ૪૦ વયગ્રુપના હોય તેમને માસિક રૂા.૧૫૦૦. કુલ ફાળવણી પાંચ હજાર કરોડ. આસામ, કેરલમ્ અને પુડુચેરી : બંગાળની જેમ આસામ સરકારે ૪૦ લાખ મહિલાઓને માસિક રૂા. ૯૦૦૦. એક દિવસમાં રૂા. ૩૬૦૦ કરોડ. કેરલમ્ની ડાબેરી સરકારે સામાજિક સલામતી યોજના હેઠળ અપાતાં પેન્શનની રકમ ૧૬૦૦થી વધારીને ૨૦૦૦ માસિક કરી છે. ૬૨ લાખ વયસ્ક લોકોને, વિધવાઓને તથા દિવ્યાંગોને મળશે. સરકારી તિજોરી ઉપર વાર્ષિક ૨૯૭૬ કરોડનો બોજ. સંત સુરક્ષા યોજના હેઠળ આર્થિક પછાત મહિલાઓને માસિક એક હજાર રૂપિયાનું પેન્શન. ૩૧થી ૩૪ લાખ લાભાર્થીઓને કુલ વાર્ષિક રૂા. ૩૮૦૦ કરોડ. પ્રથમ હપ્તો ફેબ્રુ.થી શરૂ. પુડુચેરીમાં ચાર લાખ પરિવારને પરિવાર દીઠ રૂા. ૩૦૦૦ પોંગલ ભેટ અપાય છે. મહારાષ્ટ્ર અને બિહારમાં આવી લહાણી કે રેવડીનો ચૂંટણીલાભ રાજકીય પક્ષોને મળ્યો છે : પણ હવે તો લહાણીની સ્પર્ધા છે. સકારાત્મક પાસું જોઈએ તો વિકાસ યોજનાઓના અમલનો લાભ મળે છે, જ્યારે માસિક પેન્શન મળવાથી લોકો – વિશેષ કરીને યુવાવર્ગ આળસુ – ભિક્ષુક બને કે નહીં ? સાહસવૃત્તિ – કામ કરવાની ધગશને બદલે 'નિવૃત્તિ' વહાલી ગણાશે ?

# ફિફટી સિક્સ ડેઈઝ સતત ગોળ ગોળ ફરતાં ચકડોળ જેવી વેબ સિરીઝ

અંધારઘેરા વાતાવરણમાં કેમેરો પેન થતાં આગળ વધે છે. આપણે સમજી જઈએ છીએ કે બંધ ફલેટમાં દબાતાં પગલે આગળ વધી રહેલાં મહાશય ચોરીનો મનસૂબો ધરાવે છે, પણ અચાનક ચોર (કેમેરા)ની આંખે બાથટબમાં વિકૃત રીતે ઓગળી ગયેલાં હાડમાંસ સાથેનું કંકાલ પડ્યું છે અને... ખળભળી ગયેલો ચોર ભાગતાં - ભાગતાં જાણી જોઈને ઈમર્જન્સી સાયરન વગાડતો જાય છે. સ્વાભાવિક છે કે વહેલી સવારે પોલીસ અને ડિટેકટીવ પહોંચી ગયા છે. ઈન્વેસ્ટિગેશન શરૂ થાય છે.

કટ ટૂ ....છપ્પન દિવસ પહેલાં.ફુટડી યુવતી સિયારા સુપરમાર્કેટમાં ખરીદી કરી રહી છે ત્યારે જ હેન્ડસમ યુવક ઓલિવર તેને જુએ છે. સુપરમાર્કેટમાંથી બહાર નીકળ્યા પછી બન્ને વચ્ચે થતી વાતચીતમાં આપણને જાણવા મળે છે કે બન્ને શહેરમાં નવા-નવા આવ્યા છે. બન્ને શહેરનાં સ્થળો સાથે જોવાના ઈરાદે ફરી કોફી શોપમાં મળવાનું નક્કી કરે છે.

બીજી તરફ (પ૬ દિવસ પછી) ફલેટ ખોલીને પોલીસ તેમજ ડિટેકટીવે તપાસ આરંભી છે. જે પીગળી ગયેલું હાડપિંજર મળ્યું છે, એ ફલેટ એક કંપનીએ ભાડાં પર લીધેલો છે. ખબર પડે છે કે કંપનીએ આ ફલેટ ઓલિવર નામના પોતાના કર્મચારીને રહેવા માટે આપેલો છે.

સિકયોરીટી જણાવે છે કે ફલેટમાં છેલ્લાં થોડા દિવસથી એક યુવતી પણ ઓલિવર સાથે રહેતી હતી.

કટ ટૂ (ઘટના બન્યાના) ત્રેપન દિવસ પહેલાં...

નાના, ગંદા અને ઉધઈગ્રસ્ત ફલેટને સિયારા વ્યવસ્થિત કરી રહી છે. ઉધઈ અને જીવાત તરત નજરે ચડે તેમ આજુબાજુનું બધું હટાવી દે છે, કારણ કે આજે નવો-નવો બોયફ્રેન્ડ બનેલો ઓલિવર તેના ઘરે આવવાનો છે. ઓલિવર આવીને સિયારાની બેચેનીનું કારણ પૂછે છે એટલે સિયારા જણાવે છે કે, બિલ્ડિંગમાં




રિપેરિંગ કામ શરૂ થતું હોવાથી તેણે ફલેટ ખાલી કરવો પડે તેમ છે. રહેવા માટે નવી જગ્યા શોખવાનું ટેન્શન પરેશાન કરી રહ્યું છે સિયારાને.

'તું મારા ફલેટ પર આવી જા...' ઓલિવરના આમંત્રણ બાદ થોડી ના-નકર પછી ઓલિવરના ફલેટમાં શિફટ થવા સિયારા તૈયાર થાય છે અને...

હત્યા થયેલાં ફલેટમાં પડેલું હાડપિંજર યુવકનું છે કે યુવતીનું, એ જાણવા માટે હાડપિંજરને ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવે છે પણ પ્રથમદર્શી તારણ એવું છે કે લાશને કેમિકલ યા એસિડ નાખીને ઓગાળવામાં આવી છે...

નેટફલિક્સ પર જોવા મળતી 'ફિફટી સિકસ ડેઈઝ'ને તમે જોવાની શરૂ કરો તેની પંદર - વીસ મિનિટમાં સસ્પેન્સની છાયાવાળું આવું ધૂંધળું ચિત્ર તમારી સામે ઊપસે છે, જે તમને આઠ એપિસોડ સુધી ખેંચી જાય છે કારણ કે લવસ્ટોરીના ટોપિંગ સાથેનું આ એક મર્ડર મિસ્ટ્રી કમ રિવેન્જ ડ્રામા છે. કેથરિન રવાન હોવર્ડની નવલકથા પરની બનેલી આ અમેરિકન વેબસિરીઝના ડીએનએ કોરિયન હોય તેવું તેમાં થ્રીલ છે. આરંભમાં તો આ હાડપિંજર સિયારાનું છે કે ઓલિવરનું... એ અકળામણ જ મજેદાર બની જાય છે. પાત્રાલેખન જ એટલું અસરદાર છે કે શંકાનું લોલક બન્ને તરફ સરકતું રહે છે. અલબત્ત, વાર્તા એક અલગ અંદાઝમાં એડિટ કરીને દર્શકો સામે પેશ કરવામાં આવી છે. આરંભે વાંચ્યું તેમ, વાર્તાના આજના દિવસથી શરૂ થાય છે. છપ્પન દિવસનો ફલેશ બેક પણ દિવસવાર (બાવનમો દિવસ, ચાલીસમો દિવસ) દેખાડવામાં આવ્યો છે. એક તરફ ઈન્વેસ્ટિગેશન ચાલે છે, બીજી તરફ વીતેલાં છપ્પન દિવસ ઉઘડી રહ્યા છે. ક્યારેક આ પ્રકારનું નેરેશન ઈરિટેડ કરે છે પણ આળસ મરડીને જાગેલું કુતૂહલ તમને વેબસિરીઝ પડતી મૂકવા દેતું નથી.અલગ - અલગ ચાર ડિરેક્ટર અને સાત રાઈટરે ભેગા મળીને લખેલી 'ફિફટી સિકસ ડેઈઝ' વેબસિરીઝની લીડ અપેરમાં ઓલિવર તરીકે અવન જોગિયા અને સિયારા તરીકે ડોવ કેમરૂન પણ ત્રણ ડઝનથી વધુ ફિલ્મો કરીને મંજાયેલા કલાકાર છે અને તેમનું પાત્રાલેખન

એવું સચોટ થયું છે કે દર્શક ધારણાંઓના ઠેબાં ખાતા રહે છે , કારણ કે ટર્ન અને ટ્વિસ્ટ બાબતમાં 'ફિફટી સિકસ ડેઈઝ' ફૂલ્લી માર્કથી પાસ થાય તેવી છે. જરૂર જોજો...




# ભગવાન મને ક્યારેય એટલી અસુરક્ષા ન આપે કે મારે નેગેટિવ પીઆરનો સહારો લેવો પડે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં પેઈડ પીઆર અને નેગેટિવ પીઆરનો મુદ્દો એવો મુદ્દો છે, જે સમયાંતરે ચર્ચામાં આવ્યા કરે છે. હવે રાધિકા મદાને આ મુદ્દે વાત કરી છે. એક્ટ્રેસ રાધિકા મદાને ઈન્ડસ્ટ્રીમાં પેઈડ નેગેટિવ પી.આર. વિશે વાત કરી છે. તેણે જણાવ્યું છે કે તે આવા ટ્રેન્ડમાં માનતી નથી.

એક ઈન્ટરવ્યુમાં, રાધિકા મદાને કહ્યું, "તમે કોઈને નીચે ખેંચીને ક્યારેય આગળ વધી શકતા નથી. ભગવાન મને ક્યારેય એટલી અસુરક્ષા ન આપે કે મારે પોતાની જાતને સારી લગાડવા માટે કોઈને નીચે ખેંચવું પડે કે પેઈડ નેગેટિવ પીઆરનો સહારો લેવો પડે." રાધિકા માને છે કે હિરાફાઈની વિચારસરણી કરતાં પોતાની જાતનું મુલ્ય સમજવામાં પોતાના વિશ્વાસને મહત્વ આપવું જોઈએ.

રાધિકા માને છે કે સફળતા માત્ર એક વ્યક્તિ સુધી મર્યાદિત નથી હતી. તેણે કહ્યું, "મને એવું પણ લાગે છે કે ટોચ પર માત્ર એક વ્યક્તિ માટે જગ્યા નથી. દરેક માટે જગ્યા છે." રાધિકાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં દરેક માટે જગ્યા છે, કોઈએ તેના માટે બીજાને દૂર ખસેડવાની જરૂર નથી. રાધિકાએ કહ્યું, ભારપૂર્વક જણાવ્યું કે તે આવા નકારાત્મક ઉપાયો કરતાં પોતાના કામ પર ધ્યાન આપવાનું પસંદ કરે છે. રાધિકાએ એવો પણ ઈશારો કર્યો કે અભિનેતાઓ અંગેની વાતો ઘણીવાર બહારથી રચાય છે, ખાસ કરીને ડિજિટલ પ્લેટફોર્મ્સ અને સતત પબ્લિકની નજરમાં રહે છે, ત્યારે તે ઘડી કાઢવામાં આવે છે. જોકે, તેણે કહ્યું કે આવી બાબતોથી કી કલાકારોની સફળતા નક્કી થતી નથી.

# આવારાપન ૨માં ઇમરાન હાશમી ફરીથી શિવમ તરીકે પરત ફરશે



ઈમરાન હાશમી અને દિશા પટ્ટણીની ફિલ્મ આવારાપન ૨ હવે ૨૦૨૬માં રિલીઝ થઈ રહી છે. આવારાપનની સિક્વલ તરીકે, આ ફિલ્મ બૂક માય શો અને ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડ કરી રહી છે કારણ કે નિર્માતાઓએ અગાઉ ૩ એપ્રિલની રિલીઝ ડેટ જાહેર કરી હતી. શૂટિંગ હજુ બાકી હોવાથી એવા અહેવાલ છે કે આવારાપન ૨ માટે નવી રિલીઝ તારીખ નક્કી કરવામાં આવી છે.

વિશ્વસનીય સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આવારાપન ૨ હવે સ્વતંત્રતા દિવસ ૨૦૨૬ના વીકએન્ડ દરમિયાન મોટા પડદા પર રિલીઝ થશે. સુત્રએ જણાવ્યું, "આવારાપન ૨ એક સંગીતમય અને ભાવનાત્મક પ્રેમકથા તરીકે સારી રીતે તૈયાર થઈ રહી છે, જેમાં ઈમરાન હાશમી અને દિશા પટ્ટણી છે. નિર્માતાઓ અનેક રિલીઝ ડેટ પર વિચાર કરી રહ્યા હતા અને અંતે સ્વતંત્રતા દિવસના વીકએન્ડ પર નિર્ણય લીધો."

આવારાપન ૨નું હાલ શૂટિંગ ચાલી રહ્યું છે અને એપ્રિલના અંત સુધીમાં શૂટિંગ પૂર્ણ થવાની અપેક્ષા છે. ત્યારબાદ બે મહિનાના પોસ્ટ-પ્રોડક્શન પછી, નિર્માતાઓ તેને સ્વતંત્રતા દિવસના તહેવારના સમયમાં રિલીઝ કરવા તૈયાર છે.

આવારાપન ફિલ્મે વર્ષોથી કલ્ટ સ્ટેટસ મેળવ્યું છે અને તેનાં ગીતો દર્શકો માટે એવરગ્રીન બની ગયાં છે. સિક્વલ માટે પણ, નિર્માતાઓએ મૂળ આલ્બમમાંથી બે ગીતો રીક્રિએટક કર્યા છે અને તેઓ મુખ્ય આકર્ષણોમાં ગણાય છે. આવારાપન ૨નું ડિરેક્શન નિતિન કક્કરે કર્યું છે.




# સલમાન અને નયનતારા પછી અનિલ કપૂર અને અરવિંદ સ્વામી પણ વામશી- દિલરાજુની ફિલ્મમાં જોડાયાની ચર્ચા

સલમાન ખાનને તેની વામશી અને દિલરાજુ સાથેની આગામી એક્શન ડ્રામા ફિલ્મની જાહેરાત કરી દીધી છે, ત્યારે તેના કાસ્ટિંગ વિશે ઘણી ચર્ચા છે. સલમાન સાથે આ ફિલ્મમાં નયનતારા લીડ રોલમાં હોવાના અહેવાલો પછી હવે એવા અહેવાલો છે કે, અરવિંદ સ્વામી આ ફિલ્મમાં એક મહત્વના રોલ માટે જોડાઈ રહ્યા છે. પહેલાં એવી અટકળો હતી કે તે નેગેટિવ ભૂમિકા ભજવશે.

એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "નેગેટિવ લીડ રોલ માટે કાસ્ટિંગ ચાલુ છે કારણ કે નિર્માતાઓ વિરોધી પાત્ર માટે ટોચના હિન્દી નામને જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. અનિલ કપૂર સાથે એક્શનથી ભરપૂર વિસ્તૃત ઉપસ્થિતિ માટે ચર્ચા ચાલી રહી છે, પરંતુ તેમણે હજી સહી કરી નથી. અત્યાર સુધી, કાસ્ટમાં સલમાન, નયનતારા અને અરવિંદ સ્વામીનો સમાવેશ થાય છે."

આ ફિલ્મ ૨૦ એપ્રિલથી મુંબઈમાં ફ્લોર પર જવાની છે, જેનું શૂટિંગ ઑગસ્ટ સુધી ચાલુ રહેશે. કડક પ્રોડક્શન સમયરેખા સાથે, નિર્માતાઓ ૨૦૨૭ના પ્રથમ ભાગમાં ભવ્ય થિયેટ્રિકલ રિલીઝનું લક્ષ્ય રાખી રહ્યા છે.

પ્રોડ્યુસર દિલ રાજુ દ્વારા શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સના બેનર હેઠળ નિર્મિત આ પ્રોજેક્ટ વિશાળ સ્તરે તૈયાર થઈ રહ્યો છે. બ્લોકબસ્ટર મનોરંજન ફિલ્મો માટે જાણીતું આ પ્રોડક્શન હાઉસ સિનેમેટિક સ્પેક્ટેકલ લાવવા માટે કોઈ કસર બાકી રાખતું નથી. સલમાન ખાન, નયનતારા અને અરવિંદ સ્વામીની હાજરી અલગ-અલગ સ્ક્રીન પ્રેઝન્સ સાથે ફિલ્મના પેન-ઈન્ડિયા આકર્ષણને વધારે છે.

સલમાન ખાન દિગ્દર્શક વમ્શી પાઈડિપલ્લી અને પ્રોડ્યુસર દિલ રાજુની આ ફિલ્મને હાલ તો "એસવીસી ૬૩" નામ આપવામાં આવ્યું છે.

આ ફિલ્મ સાથે જોડાયેલા નજીકના એક સ્ત્રોતે જણાવ્યું કે આ પ્રોજેક્ટને વિશાળ સ્તરના થિયેટ્રિકલ સ્પેક્ટેકલ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં મજબૂત પેન-ઈન્ડિયા આકર્ષણ છે.

"શૂટિંગ એપ્રિલમાં શરૂ થવાનું છે અને નિર્માતાઓ ૨૦૨૭માં મોટી સ્ક્રીન પર રિલીઝ કરવાનો લક્ષ્ય રાખે છે."

# મિરાન્ડાએ 'ધ ડેવિલ વેર્સ પ્રાડા ૨' માટે એન્ડી પાસેથી પ્રેરણા લીધી

મેરીલ સ્ટ્રીપ અને એન હેથવે એ આખરે 'ધ ડેવિલ વેર્સ પ્રાડા ૨'નું પ્રમોશન વર્લ્ડ વાઈડ શરૂ કરી દીધું છે. ત્યારે તેમની આ પ્રેસ ટૂર દરમિયાન તાજેતરમાં જ મેરીલ સ્ટ્રીપે એક એવું ફેશન સ્ટેટમેન્ટ આપ્યું, જેનાથી તે ઈન્ટરનેટ પર છવાઈ ગઈ છે. મેરીલ હવે આઈકોનિક મિરાન્ડા પ્રિસ્ટલી તરીકે પરત આવી રહી છે. તાજેતરમાં એક શો માટે, મેરિલ સ્ટ્રીપે ધ ડેવિલ વીયર્સ પ્રાડામાંથી પ્રખ્યાત સેર્યુલિયન બ્લુ સ્વેટર પહેરવાનું પસંદ કર્યું હતું. પહેલી ફિલ્મના ચાહકોને યાદ હશે કે મિરાન્ડાએ એન્ડી (જેનું પાત્ર એન હેથવે ભજવે છે)ને તેમની પહેલી મુલાકાત દરમિયાન આ બ્લુ સ્વેટર પહેરવા માટે જજ કરી હતી, જે પછી ફિલ્મની એક આઈકોનિક મોમેન્ટ બની ગઈ હતી. બે દાયકાઓ પછી, મેરિલે એ જ લૂક ફરી અપનાવ્યો અને ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી.

ધ ડેવિલ વીયર્સ પ્રાડા ૨માં મેરિલ સ્ટ્રીપ, એન હેથવે, એમિલી બ્લન્ટ અને સ્ટેનલી ટૂચીને ફરી ન્યૂ યોર્ક સિટીની ફેશનભરી ગલીઓ અને રનવે મેગેઝિનના સ્ટાઈલિશ ઓફિસમાં લાવશે. મૂળ મુખ્ય કલાકારોને નિર્દેશક ડેવિડ ફ્રેન્કલ અને લેખિકા એલાઈન બ્રોશ મેકેના સાથે ફરી જોડતા, આ ફિલ્મમાં નવા પાત્રો પણ જોડાવાના છે. ફિલ્મ ૧ મે, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

લગભગ બે દાયકાઓ પછી આ ફિલ્મની સિક્વલ આવી રહી છે. આ ફિલ્મનાં મેરિલ સ્ટ્રીપને મિરાન્ડા પ્રિસ્ટલી તરીકેના તેમના અભિનય માટે વ્યાપક પ્રશંસા મળી હતી. ત્યારે આ શો પર છેલ્લા બે દાયકામાં આવી ફિલ્મ પ્રત્યે ઈન્ડસ્ટ્રી અને તેના અભિગમમાં કેટલો બદલાવ આવ્યો છે તે વિશે તેમણે જણાવ્યું હતું.

મેરિલે કહ્યું કે પહેલી ફિલ્મને ખૂબ ઓછું બજેટ આપવામાં આવ્યું હતું અને તેમણે ઉમેર્યું, "મારું કહેવું છે કે, ૨૦ વર્ષ પહેલા તેને 'ચિક ફ્લિક' ગણાવવામાં આવી હતી અને એ લેબલ હવે દૂર થઈ ગયું છે. બાર્બી અને મમ્મા મિયા જેવી ફિલ્મો પછી એ લેબલ ટક્યું નથી. તેથી અમારે અમારા બજેટ માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો. અન્ય ફિલ્મોની સરખામણીમાં તેઓ જેટલો ખર્ચ કરે છે તેના મુકાબલે બાર્બી માટે પણ થોડું એવું જ હતું. પરંતુ આ વખતે તેમણે પૈસા ખર્ચ્યા છે."

મૂળ ફિલ્મ લેખિકા લોરેન વાયઝબર્ગરની ૨૦૦૩ની નવલકથા પર આધારિત હતી,





જેમાં એક યુવા મહિલાનો ફેશન મેગેઝિનમાં કામ કરતી વખતેનો અનુભવ દર્શાવવામાં આવ્યો છે. મેરિલે મિરાન્ડા પ્રિસ્ટલી તરીકે અભિનય કર્યો હતો, જે કલ્પિત રનવે મેગેઝિનની વગદાર અને નિષ્ઠુર એડિટર-ઇન-ચીફ છે. ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મ મોટી વ્યાવસાયિક સફળતા સાબિત થઈ હતી અને વિશ્વભરમાં ઈ૩૨૬.૭ મિલિયનની કમાણી કરી હતી. આ ફિલ્મ માટે મેરિલને કોમેડીમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યો હતો અને ઑસ્કર માટે નોમિનેશન પણ મળ્યું હતું. સિક્વલમાં મૂળ કલાકારો એન હેથવે, મેરિલ સ્ટ્રીપ, એમિલી બ્લન્ટ અને સ્ટેનલી ટૂચી ફરી જોવા મળશે, સાથે જ નિર્દેશક ડેવિડ ફ્રેન્કલ અને પ્રોડ્યુસર વેંડી ફાઈનર્મેન પણ પરત આવી રહ્યા છે.

# ટાઇગર શ્રોફે એરોફોબિયા સાથેના પોતાના સંઘર્ષની વાત કરી

## ટાઇગરે કહ્યું, "ફ્લાઇટમાં જતાં પહેલાંના દિવસોમાં મને ચિંતા રહે છે"

તેની એનર્જેટિક એક્શન અને સુપર ડાન્સ મૂવ્સ માટે જાણીતા ટાઈગગર શ્રોફે તાજેતરમાં એક ઓછા જાણીતા, ખૂબ વ્યક્તિગત પડકાર એવા ઉડાવાના ડર વિશે ખુલાસો કર્યો હતો. એક યુટ્યુબર સાથેની પોડકાસ્ટમાં ખુલીને કરેલી વાતચીતમાં, ટાઈગરે ઍરોફોબિયા સાથેના પોતાના સંઘર્ષ અને તે કેવી રીતે તેના જીવન અને કામને અસર કરે છે તે વિશે વાત કરી હતી.

પોતાને આ ડર કઈ રીતે શરૂ થયો તે વિશે ટાઈગરે કહ્યું, "હું ખરેખર એક થેરાપિસ્ટ પાસે જવાનું વિચારી રહ્યો છું કારણ કે મને ઍરોફોબિયા છે. થોડા વર્ષો પહેલાં, હું એક ખૂબ જ ટર્બ્યુલન્ટ ફ્લાઈટમાં હતો અનેપ એક ટર્બ્યુલન્ટ ફ્લાઈટ પર મારો કોઈ કાબુ નથી, બરાબર? હું શું કરું? ત્યારથી, દરેક વખતે જ્યારે મારે ફ્લાઈટમાં બેસવાનું હોય છે, ત્યારે મને બે દિવસ પહેલાથી જ ચિંતા થવા લાગે છે. કોઈ કારણસર, હું હજુ સુધી તેમાંથી બહાર આવી શક્યો નથી."

ઉડાનની સલામતી અંગેના તર્ક અને ખાતરીઓ વિશે જાણતા હોવા છતાં, તેણે સ્વીકાર્યું કે ટર્બ્યુલન્સ દરમિયાન તર્કસંગત વિચાર ઘણીવાર પાછળ રહી જાય છે. "આંકડાઓ કહે છે કે ઉડાન મુસાફરીનું સૌથી સુરક્ષિત સાધન છે. મેં ઘણા પાયલોટ્સ સાથે વાત કરી છે જેમણે બધાએ કહ્યું કે ટર્બ્યુલન્સ કંઈ નથી, માત્ર ખડખડિયા રસ્તાઓ જેવું છે. એ લોકો મને આવું જ સમજાવે છે. પરંતુ એ વાત મારા મનને કોણ સમજાવશે? જ્યારે આવું થાય છે, ત્યારે વાત અલગ હોય છે. મારું કાશ એના પર નિયંત્રણ હોત. મને મારા શરીરના દરેક ભાગ પર નિયંત્રણ ગમે છે. મને ખબર હોવી ગમે છે કે હું શું કરી રહ્યો છું."

ટાઈગગરે એવું પણ જણાવ્યું કે નિયંત્રણની આ જરૂરિયાત તેના જીવનના અન્ય પાસાઓમાં પણ ફેલાય છે, જેના કારણે ક્યારેક દૈનિક નિર્ણયો પણ મુશ્કેલ બની જાય છે. "ક્યારેક તે ખરેખર નિરાશાજનક હોય છે કારણ કે હું ક્યારેક ખૂબ અનિર્ણાયિક બની જાઉં છું, મારા દિવસનું કેવી રીતે આયોજન કરવું તે બાબતમાં પણ, જેથી હું મારી ક્ષમતા વધુમાં વધુ ઉપયોગ કરી શકતો નથી."

# સીએસકેની સતત ત્રીજી હાર,આરસીબી સામે ૪૩ રને પરાજય



રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ હોમ ગ્રાઉન્ડ પર ચેન્નઈ સુપર કિંગ્સ સામે ૪૩ રને વિજય મેળવી આ સિઝનમાં સતત બીજી જીત મેળવી હતી જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સનો આ સિઝનમાં સતત ત્રીજો પરાજય હતો. બેંગ્લુરુએ પ્રથમ બેટિંગ કરતાં ટીમ ડેવિડના ૨૫ બોલમાં તોફાની ૭૦ રન, દેવદત્ત પડિકલની અર્ધી સદી રજત પાટીદારના ૪૮★ રન અને ફિલ સોલ્ટના ૪૬ રનની મદદથી ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૨૫૦ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ચેન્નઈની ટીમે લડત આપી હતી પરંતુ ૧૯.૪ ઓવરમાં ૨૦૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની ટીમના ઓપનર વિરાટ કોહલી ૨૮ રન બનાવી આઉટ થયા બાદ ફિલ સોલ્ટે દેવદત્ત પડિકલ સાથે બીજી વિકેટ માટે ૫૬ રન જોડ્યા હતા. સોલ્ટ ૪૬ રન બનાવી આઉટ થયા બાદ રજત પાટીદાર અને પડિકલે ટીમનો સ્કોર ૧૫૦ રનની પાર પહોંચાડી દીધો હતો. પડિકલે આ દરમિયાન પોતાની અર્ધી સદી પૂર્ણ કરી હતી. તે ૫૦ રન પૂર્ણ થતાં ઓવર્ટને બોલ્ડ કરી ચેન્નઈને ત્રીજી સફળતા અપાવી હતી. અહીથી ટીમ ડેવિડે કેપ્ટન રજત પાટીદાર સાથે મળી ચેન્નઈ સુપર કિંગ્સના બોલરોને ચારે તરફ ફટકારતાં ચોથી વિકેટ માટે ૩૫ બોલમાં ૯૯ રન જોડી ટીમનો સ્કોર ૩ વિકેટે ૨૫૦ રને પહોંચાડ્યો હતો. ટીમ ડેવિડ ૭૦ રને અને રજત પાટીદાર ૪૮ રને અણનમ રહ્યા હતા. ચેન્નઈ તરફથી અંશુલ કંબોજ, જેમી ઓવર્ટન અને શિવમ દુબેને ૧-૧ વિકેટ મળી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ૨૫૦ રન બનાવ્યા હતા જે આ ૧૯મી સીઝનનો સૌથી મોટો સ્કોર છે. આ પહેલાં સનરાઈઝર્સ હૈદરાબાદે કોલકાતા સામે ૨૨૬ રન બનાવ્યા હતા.

૨૫૧ રનનો તોતિંગ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ચેન્નઈ સુપર કિંગ્સના ઓપનર અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની પ્રથમ ઓવરમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. ગાયકવાડ માત્ર ૭ રન બનાવી શક્યો હતો જ્યારે બીજી ઓવરમાં યુવા ખેલાડી આયુષ મ્હાત્રે પણ એક રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો. જ્યારે સંજુ સેમસન સતત ત્રીજી મેચમાં નિષ્ફળ રહ્યો હતો. તે ત્રીજી ઓવરમાં ડફીનો શિકાર બન્યો હતો અને માત્ર ૯ રન બનાવી શક્યો હતો. ટોપ ઓર્ડર ધરાશાયી થયા બાદ સરફરાઝ ખાને આક્રમક બેટિંગ કરતાં ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. તેણે આ દરમિયાન પોતાની અર્ધી સદી પૂર્ણ કરી હતી. તે વધુ આક્રમક બની રહ્યો હતો ત્યારે કૃણાલ પંડ્યાએ સ્ટમ્પિંગ કરાવી બેંગ્લુરુને ચોથી સફળતા અપાવી હતી. સરફરાઝ બાદ કાર્તિક શર્મા પણ અંગત છ રન બનાવી પંડ્યાનો શિકાર બનતાં ૮૪ રનના સ્કોરે અડધી ટીમ પેવેલિયન પરત ફરી ચૂકી હતી. ટીમને શિવમ દુબે પર આશા હતી પરંતુ તે પણ ૧૮ રન બનાવી આઉટ થયો હતો. આ સમયે જેમી ઓવર્ટન અને પ્રશાંત વીરે લડત આપવાનો પ્રયાસ કરતાં ૩૨ બોલમાં ૫૭ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે, વીર ૪૩ રન બનાવી આઉટ થયા બાદ ૧૭મી ઓવરમાં જેમી ઓવર્ટન પણ ૧૬ બોલમાં ૩૭ રન બનાવી આઉટ થયા બાદ ચેન્નઈની ટીમ ૨૦૭ રનમાં ઓલઆઉટ થતાં બેંગ્લુરુની ટીમે ૪૩ રને મેચ જીતી લીધી હતી.

# સનરાઇઝર્સ હૈદરાબાદનો IPLમાં શરમજનક રેકોર્ડ

## પ્રથમ ૧૦ ઓવરમાં લોએસ્ટ સ્કોર બનાવવામાં ચોથા સ્થાને



સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ લખનૌ સુપર જાયન્ટ્સ સામે આઈપીએલની મેચમાં શરમજનક રેકોર્ડની યાદીમાં સામેલ થઈ ગઈ છે. હૈદરાબાદે આઈપીએલની પ્રથમ ૧૦ ઓવરમાં ચૌથો સૌથી લોએસ્ટ સ્કોરબનાવ્યો હતો. વિસ્ફોટક બેટિંગ માટે જાણીતી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ લખનૌના બોલર સામે ઘુંટણીયે પડી હોય તેમ ૧૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી માત્ર ૩૫ રન બનાવી શકી હતી. જેમાં ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, ઈશાન કિશન અને લિયામ લિવિંગ્સ્ટોન સામેલ હતા.આ પહેલાં મુંબઈ ઈન્ડિયન્સે વર્ષ ૨૦૧૫માં કિંગ્સ ઈલેવન પંજાબ સામે શરૂઆતની ૧૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૩૨ રન બનાવ્યા હતા. આ શરમજનક રેકોર્ડના લિસ્ટમાં રાજસ્થાન રોયલ્સે વર્ષ ૨૦૦૯માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે કેપટાઉનમાં ૫ વિકેટ ગુમાવી ૩૨ રન બનાવ્યા હતા. આઈપીએલમં પ્રથમ ૧૦ ઓવરમાં સૌથી ઓછો સ્કોર કોલકાતા નાઈટ રાઈડર્સના નામે છે. કોલકાતાએ ૨૦૦૯માં ડેક્કન ચાર્જર્સ સામે પ્રથમ ૧૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી માત્ર ૩૧ રન બનાવ્યા હતા.

# ફોર્મમાં રહેલી પંજાબની ટીમ સામે આજે કોલકાતાનો મુકાબલો

## કોલકાતા આ સિઝનમાં પોતાની બંને મેચ હાર્યું છે, કિંગ્સ ઇલેવન પંજાબે પોતાની બંને મેચમાં જીત મેળવી




કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ આજે હોમગ્રાઉન્ડમાં કિંગ્સ ઈલેવન પંજાબ સામે ટકરાશે ત્યારે તેની નજર આ સિઝનમાં પોતાની પ્રથમ જીત મેળવવા પર રહેશે જ્યારે ફોર્મમાં રહેલી કિંગ્સ ઈલેવન પંજાબ જીતની લય જાળવી રાખવાના ઈરાદે મેદાને ઉતરશે.

કોલાકાતા નાઈટ રાઈડર્સની ટીમે પ્રથમ મેચમાં મુંબઈ સામે ૨૦૦થી વધુનો સ્કોર કર્યો હતો પરંતુ નબળી બોલિંગને કારણે મુંબઈ સામે હાર મળી હતી જ્યારે બીજી મેચમાં હૈદરાબાદે કોલકાતા સામે ૨૨૬ રન ફટકાર્યા હતા પરંતુ કોલકાતાની ટીમ ૧૬૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. કોલકાતાની ટીમમાં ન્યૂઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેનો ફિન એલન, ટીમ સેઈફર્ટ અને રચિન રવિન્દ્ર જેવા ખેલાડીઓ હોવા છતાં તેમનો યોગ્ય ઉપયોગ કરવામાં નિષ્ફળ રહી હોય તેવું જણાઈ રહ્યું છે. માત્ર ફિન એલનને તક મળી છે જ્યારે ટીમ સેઈફર્ટ અને રચિન રવિન્દ્રને ટીમમાં કાયમી સ્થાન મળ્યું નથી. બીજી તરફ સુનીલ નારાયણને અંતિમ-૧૧માં સતત જાળી રાખ્યો છે જ્યારે ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમરન ગ્રીનને ટીમમાં સામેલ કર્યો છે પરંતુ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેને બોલિંગ કરવા પર રોક લગાવી છે. સાથે જ રોવમેન પોવેલ પણ બહાર છે જેનાથી ટીમની પસંદગીના નિર્ણયો પર સવાલો ઉઠી રહ્યા છે. ટીમમાં કાર્તિક ત્યાગી અને યુવા અંગકૃષ રઘુવંશીનું પ્રદર્શન સારું રહ્યું છે ત્યારે પંજાબ સામે જીત મેળવવા માટે અન્ય બેટ્સમેનોએ ફોર્મ દાખવવું પડશે જ્યારે બોલિંગમાં પણ સારો દેખાવ કરે તો પંજાબ સામે જીત મળી શકે તેમ છે.બીજી તરફ ઐયરની આગેવાનીમાં પંજાબની ટીમે પોતાની શરૂઆતની બંને મેચ જીતી લીધી છે. યુવ કૂપર કોનોલીએ આક્રમક બેટિંગથી પ્રભાવિત કર્યા છે જ્યારે પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરનસિંહ ટીમને સારી શરૂઆત અપાવવામાં સફળ રહ્યા છે. અર્શદીપસિંગ, માર્કો યાન્સન અને વિજયકુમાર વૈશાખની ઉપસ્થિતિમાં બોલિંગમાં સંતુલન જોવા મળી રહ્યું છે જ્યારે અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ બોલિંગને વધુ મજબૂત બનાવે છે. આથી વર્તમાન ફોર્મ જોતાં પંજાબ સામે જીત મેળવવી કોલતાતા માટે પડકારજનક લાગી રહ્યું છે.



# ભુવનેશ્વર કુમારની આઈપીએલમાં ૨૦૦ વિકેટ પૂર્ણ

અહી રમાઈ રહેલી ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મેચમાં બેંગ્લુરુના બોલર ભુવનેશ્વર કુમારે આયુષ મ્હાત્રેને રજત પાટીદારના હાથે કેચ કરાવવાની સાથે જ આઈપીએલમાં ૨૦૦ વિકેટ પોતાના નામે કરી હતી. ભુવનેશ્વરકુમારે આ સિદ્ધિ ૧૯૨મી મેચમાં મેળવી હતી. આ સાથે જ તે આઈપીએલના ઈતિહાસમાં ૨૦૦ વિકેટ ઝડપનારો બીજો બોલર બની ગયો છે. ભુવનેશ્વર કુમાર પહેલાં યુઝવેન્દ્ર ચહલ ૨૦૦ વિકેટ ઝડપી ચૂક્યો છે. તેના નામે ૧૭૬ મેચમાં ૨૦૦ વિકેટ છે.

ભુવનેશ્વરકુમારને શરૂઆતમાં સ્વિંગ બોલર અને પાવરપ્લે સ્પેશિયાલિસ્ટ માનવામાં આવતો હતો પરંતુ સમયની સાથે તેણે પોતાને ડેથ ઓવરના સ્પેશિયાલિસ્ટ તરીકે પણ સાબિત કર્યો. આઈપીએલમાં ભુવનેશ્વર પાવર પ્લેમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર બોલર છે. તેણે પાવર પ્લેમાં ૮૦ વિકેટ ઝડપી છે અને તેનો ઈકોનોમી રેટ ૬.૫૨નો રહ્યો છે. જ્યારે ડેથ ઓવરોમાં તેણે ૯૩ વિકેટ ઝડપી છે જે ડ્વેન બ્રાવો બાદ બીજી સૌથી વધુ વિકેટ છે.

ઉલ્લેખનીય છે કે, ગત સિઝનમાં આરસીબી ચેમ્પિયન બની હતી જેમાં ભુવનેશ્વર કુમારની ભુમિકા મહત્ત્વની રહી હતી. તેણે ૧૪ મેચમાં ૧૭ વિકેટ ઝડપી હતી. તેમાં પણ ફાઈનલમાં પંજાબ સામે તેનો સ્પેલ નિર્ણાયક સાબિત થયો હતો.

# સંજીવ ગોએન્કા રિષભની કેપ્ટનશીપ ઇનિંગ્સથી પ્રભાવિત : મેચ પુરો થયા બાદ મેદાન પર ગળે લગાવ્યો

IPL ૨૦૨૬ ની રોમાંચક મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને પાંચ વિકેટથી હરાવીને શાનદાર વિજય મેળવ્યો. વિજય બાદ, ટીમના માલિક સંજીવ ગોએન્કાએ કેપ્ટન ઋષભ પંત પ્રત્યે જે ખાસ વર્તન કર્યું તે હૃદયસ્પર્શી હતું. મેચ પછી, ગોએન્કાએ પંતને ગળે લગાવ્યો, અને બંને મેદાન પર હસતા અને ગપસપ કરતા જોવા મળ્યા.

મેચ પછી સૌથી ખાસ ક્ષણ એ આવી જ્યારે સંજીવ ગોએન્કા પોતે મેદાન પર આવ્યા અને કેપ્ટન ઋષભ પંતને ઉષ્માભેર ભેટી પડ્યા. તે ફક્ત વિજયની ઉજવણી જ નહોતી, પરંતુ ટીમના માલિક અને કેપ્ટન વચ્ચેના વિશ્વાસ અને આદરનું પ્રતિબિંબ પણ હતું.

પંતની મેચવિનિંગ થી ખુશ, ગોએન્કા હસતા અને તેમની સાથે વાતો કરતા જોવા મળ્યા, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ જીત ટીમ માટે કેટલી ખાસ હતી અને કેપ્ટનના પ્રદર્શનની કેટલી પ્રશંસા કરવામાં આવી હતી.



# બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડમાં ત્રણ ડિરેક્ટરોએ રાજીનામાં આપ્યા, છેલ્લા છ મહિનાથી ઓછા સમયમાં છ ડિરેક્ટરના રાજીનામાં

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની શનિવારે ઢાકામાં બેઠક મળી હતી. જોકે, આ બેઠકના થોડા જ કલાકોમાં ત્રણ ડિરેક્ટર્સ ફયાઝુર રહેમાન, શાનિયાન તનીમ અને મેહરાબ આલમ ચૌધરીએ રાજીનામું આપી દીધું છે. BCB ચૂંટણી પછી છ મહિનાથી ઓછા સમયમાં રાજીનામું આપનારા ડિરેક્ટરોની સંખ્યા છ થઈ ગઈ છે. જાન્યુઆરીની શરૂઆતમાં, ઈશ્તિયાક સાદિકે વ્યક્તિગત કારણોસર રાજીનામું આપ્યું હતું. ગયા મહિને, અમજદ હુસૈને પણ મીડિયા ચેરમેન પદેથી દૂર થયાના થોડા દિવસો પછી રાજીનામું આપ્યું હતું. ગુરુવારે, સરકાર દ્વારા નિયુક્ત ડિરેક્ટર યાસીર મોહમ્મદ ફૈઝલે પણ રાજીનામું આપ્યું હતું જ્યારે શનિવારે ત્રણ રાજીનામાએ પરિસ્થિતિને વધુ વણસી છે.

BCB પ્રમુખ અમીનુલ ઈસ્લામે શનિવારની બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં શું બન્યું જેના કારણે ત્રણ ડિરેક્ટરોને રાજીનામું આપવાની ફરજ પડી તે જાહેર કરવામાં આવ્યું નથી. બેઠક પછી, નવા મીડિયા વિભાગના અધ્યક્ષ, મોહમ્મદ મોક્સેદુલ કમાલે જણાવ્યું હતું કે તેમને મીડિયા દ્વારા ફયાઝુરના રાજીનામાની પણ જાણ થઈ.તેમણે જણાવ્યું હતું કે બોર્ડમાં આ મુદ્દા પર કોઈ ચર્ચા થઈ નથી અને રાજીનામું આપનારાઓએ પોતાના નિર્ણયને વ્યક્તિગત કારણોસર જવાબદાર ગણાવ્યો હતો. ફૈયાઝુરે તાજેતરમાં ઢાકા લીગના સંચાલનમાં બીસીબીની કથિત નિષ્ક્રિયતાની ટીકા કરી હતી.




# ૨૦૨૫-૨૬ સીઝનમાં અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓનું સર્વોચ્ચ પ્રદર્શન

## રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે એક જ સીઝનમાં ૯૮ મેડલ જીત્યા,33 ગોલ્ડ, ૩૨ સિલ્વર અને 33 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે

અમદાવાદની અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓએ વર્ષ ૨૦૨૫-૨૬ની સીઝનમાં રમતગમત ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. એપ્રિલ ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં એકેડેમીના ખેલાડીઓએ કુલ ૯૮ મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં ૩૩ ગોલ્ડ, ૩૨ સિલ્વર અને ૩૩ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતામાં સૌથી મોટું યોગદાન સ્પીડ સ્કેટિંગનું રહ્યું છે, જેમાં ખેલાડીઓએ સૌથી વધુ ૨૩ ગોલ્ડ મેડલ જીત્યા છે. ખાસ કરીને ભક્તિ ખંધારે નેશનલ ઈનલાઈન સ્કેટિંગમાં ત્રણ વાર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું અને 'ખેલ મહાકુંભ'માં પણ પાંચ મેડલ મેળવ્યા.

બીજી તરફ, ટેનિસ સ્ટાર હર્ષા દેશપાંડેએ અમદાવાદ અને જયપુરમાં યોજાયેલી ઓલ-ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં ટાઇટલ જીતીને એકેડેમીનું ગૌરવ વધાર્યું છે. સ્કેટબોર્ડિંગમાં રેયાંશ માશેટ્ટીએ વડોદરામાં બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે બાસ્કેટબોલમાં પણ એકેડેમીના ચાર ખેલાડીઓ- સરથ્યા પટેલ, તક્ષ પટેલ, જલ પટેલ અને ગૌરવ અગ્રવાલની પસંદગી અંડર-૧૯ ગુજરાત ટીમમાં કરવામાં આવી છે. ભાનવી જેસલપુરાએ પણ દેહરાદૂનમાં યોજાયેલ સબ-જુનિયર નેશનલમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.



સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૦૬ એપ્રિલ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# મહાનગર પાલિકાની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતા ફોર્મ વિતરણ શરૂ કરાયું

## આજથી આગામી તા.૧૧મી એપ્રિલ સુધી સવારથી બપોર સુધી ફોર્મ મેળવી ભરી શકાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

મહાનગર પાલિકા, નજરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે આજે છઠ્ઠી એપ્રિલને સોમવારે જાહેરનામું પ્રસિદ્ધ થઈ ગયું છે. જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ ફોર્મનું વિતરણ શરૂ કરી દેવાયું છે. ચૂંટણી લડવા ઈચ્છતા મૂરતિયાઓ આજે ફોર્મ લઈ શકશે. મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાંથી સવારે ૧૦.૩૦ વાગ્યાથી બપોર ૩ વાગ્યા સુધી ફોર્મનું વિતરણ ચાલુ થયું છે. આ સાથે જ આ સમયગાળા દરમિયાન ફોર્મ પરત કરી શકાશે. પાલિકા માટે ૧૦ મદદનીશ ચૂંટણી અધિકારી નિમણૂંક થઈ છે. તેથી આ ૧૦ સ્થળે, નગરપાલિકા ૪, જિલ્લા પંચાયત માટે ૯ અને તાલુકા પંચાયત માટે ૨૨ સ્થળેથી ફોર્મનું વિતરણ અને જમા કરી શકાશે. એક ફોર્મ માટે દાવેદારોએ ૫૦ રૂપિયાની કિંમત ચૂકવવી પડશે.

સુરત શહેર અને જિલ્લામાં ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે.આ વખતે મહાપાલિકાની જ નહી નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે પણ ભારે ખેંચતાણ ચાલી રહી છે. આ ખેંચતાણ વચ્ચે આજ રોજથી ફોર્મ ભરવાનો આરંભ થયો છે. આજથી ફોર્મ વિતરણની સાથે ભરી શકાશે. આગામી ૧૧મી એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે. તેમજ ફોર્મ લેવા અને ભરવા માટે સવારે ૧૦.૩૦થી ૩ વાગ્યા સુધી મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીનો સંપર્ક કરી શકાશે.



## વોર્ડ નં.૯માં ભાજપના એડવોકેટ આશિષ સેલર દ્વારા ઘર ઘર મહા સંપર્ક અભિયાન

ઘર ઘર મહા સંપર્ક અભિયાનમાં વોર્ડ નં. ૯ નાં મારા બુથના ભરૂચાનગર સોસાયટી, હનુમાન ટેકરી, ટીમલા મહોલ્લા, ગોલીયાવાડ તથા અન્ય વિસ્તારમાં ભાજપ કાર્યકરો આશિષ સેલર, હાસ્ય કલાકાર નવસાદભાઈ કોટડીયા, ઉમંગભાઈ ભટ્ટ, શશાંકભાઈ ભંડારી, જીગ્નેશ પટેલ, સુરેશભાઈ સેલર, હાસમભાઈ સમનાની, સેઈલર યુથ ક્લબની ટીમતથા અનેક સ્થાનિક યુવાનો સાથે જનસંપર્ક કરી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, ભાજપ સરકાર અને સુરત મહાનગપાલિકાનાં કામો અંગે સમજણ આપી.

# માજી સ્થાયી સમિતિ અધ્યક્ષ અને માજી કોર્પોરેટરને લોકોએ ઘેર્યા

## ગંદા પાણીના મુદ્દે ભાજપનો પ્રચાર કરવા નીકળેલા રાજન પટેલ અને કૃણાલ સેલરને રહીશોએ આડે હાથ લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

મનપાની ચૂંટણી માટે ડોર ટુ ડોર પ્રચાર માટે નીકળેલા ભાજપના દિગ્ગજ નેતાઓને જનતાના ઉગ્ર રોષનો સામનો કરવો પડી રહ્યો છે. સુરતના રાંદેર વિસ્તારમાં આવેલા ઝંડાચોક ખાતે જ્યારે સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલ અને નગરસેવક કૃણાલ સેલર મુલાકાતે પહોંચ્યા, ત્યારે સ્થાનિક રહીશોએ વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નોને લઈને નેતાઓને આડેહાથ લીધા હતા.



રાંદેરના ઝંડાચોક વિસ્તારમાં બનેલી આ ઘટનાના વીડિયોમાં જોવા મળે છે તેમ, એક જાગૃત નાગરિકે નેતાઓ સામે ડોલ ભરીને ગંદુ અને દુર્ગંધ મારતું પાણી રજૂ કર્યું હતું. સ્થાનિકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, "તમે ૨૦ વર્ષથી ખાલી વાયદા જ આપોછો. આજે લાઈન નંખાઈ જશે, કાલે રોડ બની જશે... પણ હજુ સુધી કંઈ થયું નથી. જો તમારે આવું ગંદુ પાણી પીવું હોય તો અમારા ઘરે આવો, પછી ખબર પડશે કે જનતા કેવી રીતે જીવે છે!"

સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલ અને કૃણાલ સેલરે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો અને ફરિયાદ કરવાની સલાહ આપી હતી, પરંતુ રોષે ભરાયેલી જનતાએ વળતો પ્રહાર કરતા કહ્યું કે, 'કેટલા વર્ષોથી ફરિયાદ કરીએ છીએ એનો હિસાબ આપો! ગત વર્ષે પણ આ જ સમસ્યા હતી, બાળકો બીમાર પડે છે, ગંધાતા પાણીથી હાલાકી ભોગવવી પડે છે. હવે ખાલી ફોટા પડાવવા આવશો તો નહી ચાલે." પાણીની સાથે સાથે વિસ્તારના ખખડધજ રસ્તાઓ બાબતે પણ લોકોએ નેતાઓને ભીસમાં લીધા હતા.

રાંદેરના રહીશોનો આક્ષેપ છે કે વિકાસની વાતો માત્ર કાગળ પર છે, વાસ્તવિકતામાં જનતા પ્રાથમિક સુવિધાઓ માટે પણ તરસી રહી છે.

ચૂંટણીના સમયે મત લેવા આવતા નેતાઓને જનતાએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે જો કામ નહી થાય તો વિરોધ યથાવત રહેશે. ઝંડાચોક વિસ્તારમાં બનેલી આ ઘટના હાલ સોશિયલ મીડિયામાં વાયુવેગે વાયરલ થઈ રહી છે.

# સુરત કોંગ્રેસનું ચૂંટણી કમિટમેન્ટ જાહેર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે આજરોજ સુરત શહેર કોંગ્રેસ દ્વારા 'સુરત કોંગ્રેસનું કમિટમેન્ટ' નામથી ચૂંટણીનો ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો છે. સુરત કોંગ્રેસ દ્વારા મનપા ચૂંટણીના ૨૬ જેટલા ઉમેદવારો ગઈકાલે જાહેર થયા છે અને બાકીના હવે જાહેર થશે. આ દરમિયાન ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસ દ્વારા વિવિધ મુદ્દાઓ અંગે વચન આપવામાં આવ્યા છે. પીપલોદ ખાતે મહિડા ભવનમાં સુરત શહેર કોંગ્રેસની પત્રકાર પરિષદમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો છે જ્યાં કમિટમેન્ટ તરીકે જે મિલકત મહિલાઓના નામે રજીસ્ટર થશે તેની તેને મિલકત વેરામાં ૫૦% ની રાહત, જે વાહન મહિલાઓના નામ ઉપર રજીસ્ટર થશે તેને રોડ ટેક્સમાંથી સંપૂર્ણ માફી, શહેરની સીટી બસોમાં મહિલાઓ તથા વિદ્યાર્થીઓને નિશુલ્ક મુસાફરી, પરિવારના વડીલોને સિનિયર સિટીઝન કાર્ડ હેઠળ સ્વાસ્થ્ય સુવિધાઓ ડાયાબિટીસ અને બ્લડપ્રેશર ની દવાઓ તથા વાર્ષિક પુલ બોડી ચેકઅપ ફ્રીમાં, માતા બહેનોને પગભર કરવા માટે મહિલા સંચાલિત વિકેન્ડ બજાર શરૂ કરવા, મુંબઈની તજ ઉપર પાણીમાં સુધારો કરીશું જેના કારણે વાળ ખરતા અને સફેદ થતાં અટકી શકે, દરેક વોર્ડમાં હેલ્થ સેન્ટર શરૂ કરીશું જેમાં જનતાને તમામ સુવિધાઓ મળી રહે, એસએમસીની શાળાઓને આધુનિક બનાવીશું સાથે તેમાં કાયમી શિક્ષકોની ભરતી પણ, મહેનતિ સુરતીઓ માટે ઈન્દિરા કેન્ટીન શરૂ કરીશું અને માત્ર પાંચ રૂપિયામાં પરફેક્ટ જમવાનું આપવા, ટુ વ્હીલર માટે પાર્કિંગ સંપૂર્ણ ફ્રી કરવા, દરેક ઝોનમાં હાઈજેનિક રાત્રી બજાર શરૂ કરવા, લારી ગલ્લા પાછળના ધારકોને લાઈસન્સ આપી તેમને પણ નાના વેપારીનો દરજ્જો આપવા, હાલમાં લાગેલા પાણીના મીટર હટાવી સ્માર્ટવોટર સપ્લાય થકી પાણીનું યોગ્ય મેનેજમેન્ટ કરવા, શહેરને લટકતા વાયરોથી મુક્ત કરવા, ડોર ટુ ડોર ગાર્બેજ સિસ્ટમને હતી આધુનિક બનાવીશું, સ્મશાન ગૃહમાં અંતિમવિધિ ની સુવિધા નિશુલક કરીશું તથા નવા સ્મશાન બનાવીશું, આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ગીચ ટ્રાફિકનો મોટાપાયે ઉકેલ લાવીશું સહિતના કોંગ્રેસે વચનો આપ્યા હતા.



(તસવીર : હનીફ મલેક)

## ખાસ કરીને સુરતીઓ માટે આ કામો કરવા પણ કોંગ્રેસના વચનો

ખાસ કરીને કોંગ્રેસે મુખ્ય આ બાબતો ઉપર સુધારા સાથે આ કામ કરવાના વચનો આપતા જણાવ્યું છે કે આડેધડ ઈ ચલણ થી હેરાન થતાં શહેરીજનોને છુટકારો અપાવીશું, ખાડી પૂરની સમસ્યાઓનો કાયમી નિવેડો લાવવા ચોક્કસ આયોજન કરીશું, શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ કોમ્પ્લેક્સ બનાવી તેમજ દરેક ઝોનમાં ક્રિકેટ અને રમતગમતના મેદાન ઉભા કરીશું, તમામ જીઆઈડીસીને પ્રદૂષણ મુક્ત અને આધુનિક બનાવીશું, રોડ રસ્તા ખરાબ હશે તો કોન્ટ્રાક્ટર તથા લાગતા ઓળખતા અધિકારીને જવાબદારી નક્કી કરીશું અને કોઈપણ પ્રકારની ગેર જવાબદારી પકડાશે તો તાત્કાલિક તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરીશું, બસ સ્ટેન્ડ અને રીક્ષા સ્ટેન્ડની સિસ્ટમ ટ્રાફિકના અનુરૂપ બનાવીશું, દરેક બાગ બગીચાનું આધુનિકરણ તેમજ પર્યાવરણ ફ્રેન્ડલી બનાવીશું. કોંગ્રેસે આ મુદ્દાઓ પર પણ ખાસ કમિટમેન્ટ આપ્યું છે.

# કોંગ્રેસ અને આપના બાકી સંભવીત ઉમેદવારોની ચર્ચા

ગઈકાલે સુરત શહેર કોંગ્રેસ દ્વારા ૨૬ જેટલા ઉમેદવારો જાહેર કરાયા હતા અને આમ આદમી પાર્ટી દ્વારા પણ ૭૫ જેટલા ઉમેદવારોના નામો સત્તાવાર ફાઈનલ જાહેર કરી દેવાયા છે. ત્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના બાકી રહી ગયેલા નામો અંગે તરહે તરહેની ચર્ચા જામી છે.

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.૨૫ (લીંબાયત-ઉધના યાર્ડ)માં કોંગ્રેસમાંથી નઈમા ખાતુન જમાલ અન્સારીનું નામ નક્કી ગણાય છે. ભૂતકાળની ચૂંટણીમાં કોર્પોરેટર સ્વ.ઈકબાલ બેલીમને ચૂંટણી જીતાડવામાં નઈમા ખાતુને મહત્વની ભૂમિકા અદા કરી હતી તેથી તેમનું નામ લગભગ નક્કી હોવાનું જાણવા મળે છે.

# ત્રણ વોર્ડ દીઠ એક ચૂંટણી અધિકારીની નિમણૂક

## જુદા જુદા સ્થળે ફોર્મ ભરવા માટેની વ્યવસ્થા કરાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડવા માટે થનગની રહેલા ઉમેદવારો માટે આજે સોમવારથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રકિયાનો આરંભ થઈ ગયો છે. જે છેક તા.૧૧ એપ્રિલ સુધી ચાલશે. ત્યારબાદ ફોર્મ ચકાસણી અને આખરી યાદી પ્રસિદ્ધ થશે. આ વખતે પણ ત્રિપાંખીયો જંગ ખેલાનાર છે. સુરત મ્યુનિ.ના ૩૦ વોર્ડ હોવાથી ત્રણ વોર્ડ દીઠ એક ચૂંટણી અધિકારીની નિમણૂક કરાઈ છે. એટલે કે ૧૦ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી ફોર્મ લઈ જઈ શકાશે. અને ફોર્મ ભરી પણ શકાશે. એજ રીતે જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ૯ સ્થળોએ, તાલુકા પંચાયતની ૨૦૪ બેઠકો માટે ૨૨ સ્થળોએ તેમજ ચાર નગરપાલિકાના ચાર ચૂંટણી અધિકારી દ્વારા ફોર્મ સ્વીકારાશે અને વિતરણ પણ કરવામાં આવશે. આમ ચૂંટણી લડવા માટે થનગની રહેલા ઉમેદવારો પક્ષમાંથી ટિકિટ ફાળવ્યા બાદ વાજતે ગાજતે ઉમેદવારી નોંધાવશે.

# ગાંધીનગરમાં ભાજપ દ્વારા ઝોન મુજબ ચૂંટણી સમિતિની બેઠક

## તા.૭મી પછી તબક્કાવાર ઉમેદવારોના નામો જાહેર થશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણી મેદાને ઉતારવા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને તેજ બનાવી દીધી છે. આજથી ગાંધીનગરમાં ચૂંટણી સમિતીની બેઠક મળી છે જેમાં ઉમેદવારોના નામ પર આખરી મ્હોર મારવામાં આવશે. ત્રણ દિવસની બેઠક બાદ ઉમેદવારોના નામની સત્તાવાર ઘોષણા કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે આપ-કોંગ્રેસે તો ઉમેદવારો જાહેર કરી દીધાં છે જ્યારે આજે ગાંધીનગરમાં ભાજપની ચૂંટણી સમિતીની બેઠક શરૂ થઈ હોવાનું જાણવા મળે છે. ત્રણ દિવસ સુધી ઉમેદવારોને લઈને મનોમંથન ચાલશે. પેનલ પૈકી ઉમેદવારાના નામ પર આખરી મ્હોર મારવામાં આવશે. નિરિક્ષકો સમક્ષ દાવેદારોએ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે, આ આ વખતે ભાજપે ૬૦થી વધુ વય હશે, ત્રણથી વધુ વખત ચૂંટાયા હોય તેને ટિકીટ નહી આપવા મન બનાવી લીધુ છે. સાથે સાથે સોશિયલ મિડીયામાં સક્રિય હોય તેને પ્રાથમિકતા આપવા પણ નક્કી કર્યુ છે. ટૂંકમાં યુવા અને નવા ચહેરાને કોર્પોરેટર અથવા તો તાલુકા-જીલ્લા પંચાયતના સદસ્ય બનાવવા માટે તક અપાશે. હવે ઝોનવાઈઝ સંકલન બેઠકો યોજવામાં આવી રહી છે. આ બેઠકોમાં ઝોન દીઠ ધારાસભ્યો, મંત્રીઓ અને પ્રભારીઓની હાજરીમાં સંભવિત ઉમેદવારોના નામોની ચર્ચા કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયામાં દરેક ઝોન દીઠ ઉમેદવારોનું પ્રાથમિક યાદી તૈયાર કરાશે. ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠકમાં ઉમેદવારોની પસંદગી કરાશે. તા. ૭મી પછી તબક્કાવાર ઉમેદવારોના નામ જાહેર થાય તેવી શક્યતા છે.

# સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ આરટીઓ કચેરીઓમાં બોમ્બની ધમકી

## સરકારી કચેરીઓમાં બોમ્બ સ્કવોર્ડ દ્વારા તપાસ : આરટીઓનું કામકાજ ખોરંભે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત RTOને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકી મળતા RTO કચેરી ખાલી કરાવાઈ છે. ટ્રેક ટેસ્ટ માટે આવેલા હજારો લોકોને પણ પરત મોકલવામાં આવ્યા છે. હાલમાં તમામ RTOમાં પોલીસ દ્વારા બોમ્બ-ડોગ સ્કવોડને સાથે રાખીને તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટ (ઘી કાંટા)ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ત્રણ ગાડીઓ કોર્ટ સંકુલમાં પહોંચી ગઈ હતી. આખી બિલ્ડિંગ ખાલી કરાઈ સર્ચ કરતા કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. વાંચો સંપૂર્ણ સમાચાર



(તસવીર : હનીફ મલેક)

ગુજરાત હાઈકોર્ટ, ગ્રાહક કોર્ટ, તથા નવરંગપુરામાં આવેલી ગ્રામ્ય કોર્ટને ઉડાવવાની ધમકી મળી હતી. ઈ-મેલ મારફતે કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી હતી. ધમકી મળતા નવરંગપુરા પોલીસ અને બોમ્બ ડોગ સ્કવોડે તપાસ હાથ ધરી હતી. વાંચો સંપૂર્ણ સમાચાર

સુરતના ડીસીપી લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું કે, કેમ્પસ ઈવેક્યુએટ કરાવી એન્ટી સેબોટેજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. એન્ટી સેબોટેજ ચેકિંગ દરમિયાન કોઈપણ પ્રકારની વાંધાજનક ચીજવસ્તુ અથવા તો એ પ્રકારની કોઈપણ બાબત જણાઈ આવેલ નથી. અને ટૂંક સમયમાં RTO કચેરીનું રાબેતા મુજબની કામગીરી ચાલુ કરવામાં આવી રહેલ છે.

તેને વધુમાં કહ્યું કે, કોઈપણ પ્રકારની ચિંતાજનક અથવા ભયની બાબત ન હોય, લોકોને શાંતિ જાળવી અને પોતાની કામગીરી RTO કચેરી ખાતે ચાલુ રાખવા માટે અપીલ કરવામાં આવે છે. ઈમેઈલની તપાસ સાઈબર સેલની ટીમ દ્વારા કરવામાં આવી રહેલ છે. ઈમેઈલ ક્યાંથી મોકલવામાં આવેલ છે અને તેના અંગેની જે ટેકનિકલ બાબતો છે, તેના માટે સુરત સાઈબર સેલની ટીમ અલગથી કાર્યવાહી કરી રહી છે.

ડીસીપીએ વધુમાં કહ્યું, જે ઈમેઈલની બાબત છે તેની ઓલરેડી કામગીરી ચાલુ છે અને જે પણ આરોપી હશે તેને પહોંચી વળવા માટેની પણ સાઈબર સેલની ટીમ સક્ષમ છે અને ટૂંક સમયમાં એ અંગે પણ કાર્યવાહી કરવામાં આવશે.એ બાબતની ઈમેઈલ અંગેની તમામ તપાસ ચાલુ છે અને RTO કચેરી ખાતે ઈમેઈલ આવેલો હોવાથી એ બાબતની આગળની જાણકારી ત્યાંથી મળી શકશે.

# વાંજમાં ત્રણ સવારી બાઈકને ટ્રકે ટક્કર મારતા યુવતીનું મોત

## બાઈક પર સવાર મૃત યુવતીની માતા સહિત બે ગંભીર રીતે ઘાયલ

**સુરત, તા.૦૬**

એક અનિયંત્રિત ટ્રક ચાલકે મોટરસાયકલને ટક્કર મારી, જેમાં એક યુવતીનું મોત થયું અને તેની માતા સહિત બે અન્ય ઘાયલ થયા હતા.

રવિવારે શહેરના સચિન વિસ્તારમાં એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. સચિનના વાંજ ગામ પાસેથી એક જ મોટરસાયકલ પર એક પરિવારના ત્રણ સભ્યો પસાર થઈ રહ્યા હતા. પાછળથી આવતી એક ઝડપી ટ્રકે મોટરસાયકલને ટક્કર મારી. ટક્કરથી ત્રણેય સવાર રસ્તા પર પટકાયા. અકસ્માત એટલો ભયાનક હતો કે મોટરસાયકલ સંપૂર્ણપણે નુકસાન થયું હતું, અને ઘટનાસ્થળે ભીડ એકઠી થઈ ગઈ હતી. ટક્કર છતાં, ટ્રક ચાલક ટ્રક રોકવાને બદલે ઘટનાસ્થળેથી ભાગી ગયો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી એક યુવતીનું દુઃખદ મૃત્યુ થયું. તેની માતા સહિત બે અન્ય લોકોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે સચિનના વાંજ ગામથી એક અનિયંત્રિત, ઝડપી ટ્રકે તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી ૨૩ વર્ષીય લક્ષ્મી રમેશ રાઠોડનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. તેની માતા હંસાબેન અને પરિવારના અન્ય એક સભ્યને પણ ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતને કારણે હાઈવે પર અંધાધૂંધી મચી ગઈ. સ્થાનિક લોકોએ તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી, અને ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ઘટનાના સમાચાર મળતા જ સચિન પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પોલીસે ઘટનાસ્થળનો પંચનામું પૂર્ણ કર્યું અને ફરાર ટ્રક ડ્રાઈવર સામે કેસ દાખલ કર્યો. પોલીસ હાઈવે પરથી સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે.

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ હૃદયાજંલી



**સ્વ.સુરેશભાઈ(KALI)જયંતિભાઈ આહિર**

સ્વ.તા.૦૬/૦૪/૨૦૨૧, મંગળવાર

સારા કર્મોની સુગંધ સદાય રહેશે,
દેહ ભલે અદ્રશ્ય થયો પણ આપની મધુરી યાદ અમારી સાથે રહેશે.
તમારા વિના જીવનની હર ખુશી અધુરી લાગે છે.
અમારા નામ અને માનમા, અમારી નસ નસના લોહીમાં,
નૈતિક હિંમતમાં આપ આજે પણ છો અને સદાય રહેશો.
આપની ખોટ કદી પણ પુરાશે નહીં.
પરમકૃપાળુ પરમાત્મા આપના પરોપકારી દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુ ને પ્રાર્થના
ૐ શાંતિ... ૐ શાંતિ...ૐ શાંતિ...

લિ.

સ્વ. જયંતિભાઈ બાલુભાઈ આહિર (પિતાશ્રી) । અ.સૌ.સ્વ.લક્ષ્મીબેન જયંતિભાઈ આહિર (માતાશ્રી)
પ્રજિતભાઈ સુરેશભાઈ આહિર (પુત્ર) । નીનાદભાઈ સુરેશભાઈ આહિર (પુત્ર)
ગં.સ્વ.કિરણબેન સુરેશભાઈ આહિર (પત્નિ)

નવિનભાઈ (લાલો) જયંતિભાઈ આહિર (ભાઈ)
ભકિતબેન નવિનભાઈ આહિર
જશરાજ નવિનભાઈ આહિર (ભત્રીજા)
વલ્લભભાઈ બાલુભાઈ આહિર (કાકાશ્રી)
અ.સૌ.સ્વ. જમનાબેન વલ્લભભાઈ આહિર (કાકીશ્રી)
યથાર્થ નિલેશભાઈ આહિર (ભત્રીજા)
પ્રવિણભાઈ વલ્લભભાઈ આહિર (ભાઈ)
જાગૃતિબેન પ્રવિણભાઈ આહિર
હિનલબેન પ્રવિણભાઈ આહિર (ભત્રીજી)
દર્શ પ્રવિણભાઈ આહિર (ભત્રીજા)
નિલેશભાઈ વલ્લભભાઈ આહિર (ભાઈ)
દિપિકાબેન નિલેશભાઈ આહિર

સહ પરિવારજનોના 'જયશ્રી કૃષ્ણ'

'શિવસદન' બંગલો, શ્રી ઈચ્છાનાથ મહાદેવ મંદિરની પાછળ,
SVNIT કોલેજની સામે, સુરત-ડુમસ રોડ, ઉમરા, સુરત-૭